**અમદાવાદના અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં.**
**અદાલત નં.૧૪**

**સેશન્સ કેસ નં.૧૮૬/૨૦૧૮.**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઃ–**

(૧) ભદ્રેશ ઉર્ફે ભુરજી સનઓફ મફાજી ઠાકોર, ઉ.વ.આ.૩૭, હાલ રહે. ૨૬–એ/૧૬, મેણવાસના છાપરા, કુટી મસ્જીદની સામે, દરીયાપુર, અમદાવાદ. મૂળ રહે. ગામ–ગોઢ, તા.ધાનેરા, જી.બનાસકાંઠા.

(૨) મુકેશ ઉર્ફે અગુલ સનઓફ શંકરભાઇ રાવત, ઉ.વ.આ.૩૨, હાલ રહે. જુના વાડજ, રામાપીરનો ટેકરો નટવાસ, ભાણજીભાઇના પીઠા પાછળ, જુના વાડજ, અમદાવાદ. મૂળ રહે. ગામ–જંત્રાલ, તા.જી.મહેસાણા.

(૩) વિજય ભુરાભાઇ રાવત, ઉ.વ.આ.૩૮, રહે. ૩, કાજીમીયાની ચાલી, દેવજીપુરા, માધુપુરા, અમદાવાદ.

(૪) રોહીત ઉર્ફે ભાણો સનઓફ મનહરભાઇ સુધીરભાઇ ઠાકોર, ઉ.વ.આ.૨૯, હાલ રહે. મકાન નં. ૨૬૧૬, મેણવાસના છાપરા, કુટી મસ્જીદની સામે, દરીયાપુર, અમદાવાદ તથા મકાન નં. બી/૪૦૧, મારુતી સેવન ફલેટ, આઇ.ઓ.સી. રોડ, ત્રાગડ, ચાંદખેડા, અમદાવાદ. મૂળ રહે. ગામ–ઉંટવેલીયા, તા.થરાદ, જી.બનાસકાંઠા.

**બાબતઃ–** આઇ.પી.સી.ની કલમ–૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ.

---

**ફરીયાદ પક્ષે તરફે વિ.એ.પી.પી.શ્રી કે.ડી.શર્મા.**
**મૂળ ફરીયાદી તરફે વીથ પ્રોસીકયુશન વિ.વ.શ્રી પી.એસ.પ્રજાપતિ.**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી આઇ.ડી.પઠાણ.**

---

**<u>ચુકાદો</u>**

(૧) આરોપીઓ વિરુધ્ધ દરીયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટૅ ગુ.ર.નં.૨૦–૨૦૧૭, તે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના સજાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ તારીખ ૨૯–૦૫–૨૦૧૭ના રોજ અમદાવાદના વિ. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ(કોર્ટ નં.૧૦)માં પોલીસ તરફથી સાદર કરવામાં આવતા, જે ફોજદારી કેસ નં. ૫૫૧૩૦–૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી નં. ૧ ને પોતાની પત્ની સેજલ સાથે આ કામના મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાને આડોસંબંધ હોવાનો શક–વહેમ હોય તે કારણે આરોપી નં. ૧ નાએ આરોપી નં. ૨, ૩, ૪ સાથે મળી તારીખ ૨૯–૦૫–૨૦૧૭ ના રોજ અથવા તે અગાઉ કોઇપણ સમયે આ કામના મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાનું ખૂન કરવા માટેનું ગુન્હાહિત કાવતરું રચેલ અને રચેલ ગુન્હાહિત કાવતરાને અંજામ આપવા માટે, આરોપી નં. ૧ નાએ તારીખ ૨૯–૦૫–૨૦૧૭ ના રોજ મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાને પોતાના ધરે દરીયાપુર ખાતે બોલાવેલ અને ત્યારબાદ રાતના કલાક આઠ–સાડા આઠ અગાઉ કોઇપણ સમયે મેણવાસ, કુટી મસ્જીદની સામે, દરીયાપુર ખાતે જાહેરમાં આરોપી નં. ૧ નાએ છરા જેવા સીધા લાંબા તીક્ષ્ણ હથિયાર વડે તથા આરોપી નં. ૨ અને ૩ નાએ લાકડાના હાથાવાળા ધારીયા જેવા તીક્ષ્ણ હથિયાર વડે મરણજનાર રાજેશભાઇ ઉર્ફે

રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાને ખૂન કરવાના ઈરાદે માથામાં તથા શરીરે ઉપરા– છાપરી ધા મારી મરણતોલ ઈજા પહોંચાડેલ તેમજ આરોપી નં. ૪ નાએ મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાને ગડદાપાટુનો માર મારી વ્યથા કરેલ અને તે કારણોસર મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાનું મોત નિપજેલ છે અને આ રીતે મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાનું મોત નિપજાવ્યા બાદ એકબીજાની મદદગારીમાં પુરાવાનો નાશ કરવાના ઈરાદે ગુન્હામાં વાપરેલ હથિયાર ધારીયાને આરોપી નં. ૩, ૪ નાએ આરોપી નં. ૧ ના ધરે ચોકડીમાં પાણીથી ધોઇ નાંખેલ અને ત્યારબાદ આરોપી નં. ૧, ૨, ૩ નાએ રીક્ષામાં બેસી વાડજ તરફ જતા પહેલા આવેલ દધિચીઋષી બ્રીજ ઉપર જઇ, બ્રીજ ઉપરથી ગુન્હામાં વાપરેલ હથિયાર લાંબો સીધો છરો અને ધારીયુ સાબરમતિ નદીમાં ફેંકી દીધેલ અને ત્યારબાદ આરોપી નં. ૧, ૨ નાએ અડાલજ ખાતે જઇ પોતે બનાવ સમયે પહેરેલ કપડા જે લોહીવાળા થયેલ હોય તેને સળગાવી નાંખી પુરાવાનો નાશ કરેલ અને આમ કરીને આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે.

(૩) અમદાવાદના વિ. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી(કોર્ટ નં.૧૦)ને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપયુકત ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા ન હોય તેમજ તેવા ગુન્હા સેશન્સ ટ્રાયેબલ અને સત્ર અદાલતના આગવા ક્ષેત્રાધિકારના હોય, તેઓશ્રીએ તારીખ ૨૭–૦૨–૨૦૧૮ ના હુકમથી ક્રિ.પ્રો.કો.ક. ૨૦૯ મુજબ આ કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં કમીટ કરતા તે સેશન્સ કેસ નં. ૧૮૬–૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને ત્યારબાદ

આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૨૮(૧) મુજબ આંક–૫ થી આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાનું તહોમતનામુ ઘડીને વાંચી સંભળાવ્યા બાદ તેઓનું ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૨૮(૨) મુજબ અનુક્રમે આંક–૬ થી આંક–૯ દરમિયાન નિવેદન નોંધતા અને તેમાં તેઓએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરતા આ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**મૌખીક પુરાવા –**

| ક્રમ નં. | મૌખીક પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | હિતેશભાઇ કનુસિંહ લોધા (સાહેદ) | ૧૦ |
| ૨ | સુનીતાબેન રાહુલભાઇ સોલંકી (સાહેદ) | ૧૧ |
| ૩ | રાહુલભાઇ કિશોરભાઇ સોલંકી (સાહેદ) | ૧૨ |
| ૪ | નરેશભાઇ ઉર્ફે કાળીયો સુરેશભાઇ રાવત (સાહેદ) | ૧૩ |
| ૫ | વિષ્નુભાઇ બાબુભાઇ મેણા (સાહેદ) | ૧૪ |
| ૬ | વિનોદભાઇ બાબુલાલ પરમાર (સાહેદ) | ૧૫ |
| ૭ | શૈલેષભાઇ ઇશ્વરભાઇ પરમાર (સાહેદ) | ૧૬ |
| ૮ | પ્રવિણભાઇ ઇશ્વરભાઇ પરમાર (સાહેદ) | ૧૭ |
| ૯ | જશવંતભાઇ છગનભાઇ મેણા (સાહેદ) | ૧૮ |
| ૧૦ | મનોજભાઇ ઉર્ફે લખન જગદીશભાઇ બાવા (સાહેદ) | ૧૯ |
| ૧૧ | ડૉકટર અલ્પેશભાઇ ઝવેરચંદ શાહ (આરોપી નં. ૧ અને ૨ ની સારવાર કરનાર મેડીકલ ઓફીસર) | ૨૪ |
| ૧૨ | ધીરજભાઇ બળવંતભાઇ લોધા (સાહેદ) | ૨૮ |

| | | |
|---|---|---|
| ૧૩ | કમળાબેન કમલેશભાઇ લોધા (સાહેદ) | ૨૯ |
| ૧૪ | આત્મારામ મણીલાલ ગોસ્વામી (સાહેદ) | ૩૦ |
| ૧૫ | જયેશભાઇ નટવરલાલ મેણા (સાહેદ) | ૩૧ |
| ૧૬ | અમીતભાઇ દિલીપભાઇ પંચાલ (સાહેદ) | ૩૨ |
| ૧૭ | ડૉકટર ભાર્ગવભાઇ બેચરભાઇ ઝવેરી (મરણજનારના શબનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર) | ૩૩ |
| ૧૮ | રીશીભાઇ કનુભાઇ વાઘેલા (ફરીયાદી–મરણજનારનો ભત્રીજો) | ૫૦ |
| ૧૯ | રંજનબેન રાજુભાઇ ઉર્ફે લોગી વાઘેલા (મરણજનારના પત્ની) | ૫૨ |
| ૨૦ | ભરતભાઇ પરશુરામ માંગેલા (સાહેદ) | ૫૩ |
| ૨૧ | વિજય રમલાલ વાઘેલા (સાહેદ) | ૫૪ |
| ૨૨ | વિનોદકુમાર નેતરામ યાદવ (ફરીયાદ લેનાર અને તપાસ કરનાર પોલીસ અધિકારી) | ૫૫ |
| ૨૩ | શૈલેષકુમાર જયંતિલાલ મોદી (તપાસ કરનાર અને ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારી) | ૬૩ |
| ૨૪ | વિપુલભાઇ સવદાસભાઇ સિંધવ (તપાસ કરનાર પોલીસ અધિકારી) | ૭૬ |

**દસ્તાવેજી પુરાવા –**

| ક્રમ નં. | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | આરોપી નં. ૧ અને ૨ ની શરીરસ્થિતીનું પંચનામુ | ૨૧ |
| ૨ | આરોપી નં. ૩ અને ૪ ની શરીરસ્થિતીનું પંચનામુ | ૨૨ |
| ૩ | આરોપી નં. ૩ ના કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ | ૨૩ |
| ૪ | આરોપી નં. ૧ અને ૨ ના સારવાર પેપર્સ | ૨૫ |
| ૫ | પોલીસ યાદી | ૨૬ |
| ૬ | પી.એમ.નોટ | ૩૪ |
| ૭ | પોલીસ યાદી | ૩૫ |
| ૮ | ઇન્કવેસ્ટ પંચનામુ | ૩૬ |
| ૯ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૩૭ |

| | | |
|---|---|---|
| ૧૦ | મરણજનારના કપડા અને બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૩૮ |
| ૧૧ | ડોગનું બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૩૯ |
| ૧૨ | આરોપી નં. ૧ નું બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૪૦ |
| ૧૩ | આરોપી નં. ૧ નાએ હથિયાર નાંખેલ અને કપડા સળગાવેલ તે જગ્યા બતાવ્યા અંગેનું પંચનામુ | ૪૧ |
| ૧૪ | આરોપી નં. ૧ નાએ હથિયાર શોધી બતાવ્યા અંગેનું પંચનામુ | ૪૨ |
| ૧૫ | આરોપી નં. ૧ ના ઘર પાસેથી ટુવ્હિલર કબજે કર્યા અંગેનું પંચનામુ | ૪૩ |
| ૧૬ | આરોપી નં. ૩ અને ૪ ના બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૪૪ |
| ૧૭ | આરોપી નં. ૪ ના કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ | ૪૫ |
| ૧૮ | આરોપી નં. ૩ નાએ હથિયાર શોધી બતાવ્યા અંગેનું પંચનામુ | ૪૬ |
| ૧૯ | આરોપી નં. ૨ નાએ હથિયાર ફેંકેલ તે જગ્યા બતાવ્યા અંગેનું પંચનામુ | ૪૭ |
| ૨૦ | આરોપી નં. ૧ નાએ હથિયાર ફેંકેલ તે જગ્યાએ શોધળોખ કરવામાં આવેલ તે અંગેનું પંચનામુ | ૪૮ |
| ૨૧ | આરોપી નં. ૧ નાએ હથિયાર ફેંકેલ તે જગ્યાએ શોધળોખ કરવામાં આવેલ તે અંગેનું પંચનામુ | ૪૯ |
| ૨૨ | અસલ ફરીયાદ | ૫૧ |
| ૨૩ | ગુન્હો દાખલ થવા અંગેનો રીપોર્ટ | ૫૬ |
| ૨૪ | એફ.એસ.એલ. અધિકારીને બનાવવાળી જગ્યાએ પધારવા માટે લખેલ પત્ર અને તેઓનો અભિપ્રાય | ૫૭ |
| ૨૫ | એફ.એસ.એલ.ની પહોંચ | ૫૮ |
| ૨૬ | રવાનગી નોંધ | ૫૯ |
| ૨૭ | રવાનગી નોંધ | ૬૦ |
| ૨૮ | એફ.એસ.એલ.ની પહોંચ | ૬૧ |
| ૨૯ | રવાનગી નોંધ | ૬૨ |
| ૩૦ | એફ.એસ.એલ.નો પત્ર | ૬૪ |
| ૩૨ | એફ.એસ.એલ. અહેવાલ | ૬૫ |
| ૩૨ | સિરોલોજી વિભાગનો અહેવાલ | ૬૬ |
| ૩૩ | એફ.એસ.એલ.નો પત્ર | ૬૭ |

| | | |
|---|---|---|
| ૩૪ | ભૌતિકશાસ્ત્રી વિભાગનો અહેવાલ | ૬૮ |
| ૩૫ | એફ.એસ.એલ.નો પત્ર | ૬૯ |
| ૩૬ | બાયોલોજી વિભાગનો અહેવાલ | ૭૦ |
| ૩૭ | સિરોલોજી વિભાગનો અહેવાલ | ૭૧ |
| ૩૮ | પોલીસ કમિશ્નરશ્રીનું જાહેરનામુ | ૭૨ |

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપરોકત દસ્તાવેજો પૈકી આંક–૨૧ થી આંક–૨૩ તેમજ આંક–૩૬ થી આંક–૪૯ દરમિયાન રજુ થયેલ દસ્તાવેજોને બચાવપક્ષની સંમતિથી આંક આપવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષના પુરાવાના અંતે વિ.એ.પી.પી.શ્રી તરફથી આંક– ૭૭ થી પુરશીશ રજુ કરીને ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવ્યા બાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કો.ક. ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં તેઓનો મુખ્યત્વે બચાવ ગુન્હાના ઈન્કારનો છે. આરોપી નં. ૧ થી ૪ નાએ વિશેષમાં એવું જણાવેલ છે કે, "હું નિર્દોષ છું, મને ખોટી રીતે ફસાવેલ છે." અત્રે એ નોંધવું જોઇએ કે, વિશેષ નિવેદનમાં આરોપીઓએ પોતાના બચાવમાં કોઇ પુરાવો રજુ કરવાની કે સાહેદો તપાસવાની ના પાડતા ત્યારબાદ કામ દલીલ માટે રાખવામાં આવેલ.

(૬) મૂળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી પી.એસ.પ્રજાપતિ દ્વારા આંક–૭૮ થી લેખીત દલીલ રજુ રાખવામાં આવેલ છે, જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૭) આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૂળ ફરીયાદી તરફે આંક–૭૮ થી રજુ થયેલ લેખીત દલીલના પુનરાવર્તન સ્વરુપની લંબાણપૂર્વકની મૌખીક દલીલ કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ

નિઃશંકપણે પુરવાર કરેલ હોય, આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુન્હામાં તકસીરવાન ઠરાવી સખત નશ્યત કરવા રજૂઆત કરેલ છે.

(૮) વિ.એ.પી.પી.શ્રીની મૌખીક દલીલ અને મૂળ ફરીયાદી તરફે રજુ રાખવામાં આવેલ આંક-૭૮ ની લેખીત દલીલ સામે બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા લંબાણપૂર્વકની દલીલ કરવામાં આવેલ છે, જેનો ટૂંકસાર એવો છે કે, મરણજનારના શબનું પી.એમ. કરનાર ડૉકટર ધ્વારા તેમણે તેમની ફરજના ભાગરુપે આ કામે કરેલ કામગીરીનું વર્ણન પોતાની જુબાનીમાં કરવામાં આવેલ છે અને મરણજનારના શબનું પી.એમ. કરનાર ડૉકટર સાહેદનો પુરાવો લક્ષમાં લેતાં મરણજનારનું મૃત્યુ તેમને માથાના ભાગે અને શરીરના અન્ય ભાગે થયેલ ઈજાઓને કારણે કુદરતના સામાન્યક્રમની બહાર થયેલ હોવાનું જણાય છે, પરંતુ આ ગુન્હામાં આરોપીઓની સંડોવણી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર પ્રસ્થાપિત થતી નથી. ફરીયાદપક્ષે આંક-૫૦ થી તપાસવામાં આવેલ સાહેદ નં. ૧૮ રીશીભાઈ કનુભાઈ વાઘેલા જેઓ મરણજનારના ભત્રીજા અને આ કામના ફરીયાદી છે તેમજ આંક-૫૨ થી તપાસવામાં આવેલ સાહેદ નં. ૧૯ રંજનબેન રાજુભાઈ ઉર્ફે લોગી વાઘેલા જેઓ મરણજનારના પત્ની છે તેમણે ફરીયાદ હકીકતને અને ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે, પરંતુ આ બંને સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી અને રસ ધરાવતા સાહેદ છે. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ બનાવ નજરે જોનાર અગરતો બનાવ બાદ આરોપીઓને હથિયાર સાથે જતા જોનાર તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ બનાવ બાદ આરોપી નં. ૧ અને ૨ ની સારવાર કરનાર મેડીકલ ઓફીસર એવા સાહેદ નં. ૧૧ ડૉકટર અલ્પેશભાઈ ઝવેરચંદ શાહ(સાહેદ નં.૧૧)ના પુરાવાથી આ બંને આરોપીઓના શરીરે કોઈ ઈજાના નિશાન જણાયેલ હોય તેવું ખુલતું નથી. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ખેતીના

ઓજારનો ધંધો કરતા અમીતભાઇ દિલીપભાઇ પંચાલ(સાહેદ નં.૧૬) ના પુરાવાથી આરોપીએ તેમના ત્યાંથી હથિયારની ખરીદી કરેલ હોય તેવું ખુલતું નથી. આ કામે આંક–૬૬ અને આંક–૭૧ થી રજુ થયેલ સિરોલોજી વિભાગનો અહેવાલ લક્ષમાં લેતાં મરણજનારના બંને હાથના નખ, જરસી, લોઅર, હાફચડી(જાંગીયા) ઉપર 'ઓ' ગ્રુપના માનવ રુધીરની હાજરી મળી આવેલ છે અને આરોપી નં. ૨ મુકેશ ઉર્ફે અંગુલના બ્લડ સેમ્પલની વૈજ્ઞાનિક તપાસ કરતા તે 'ઓ' ગ્રુપનું માનવ રુધીર હોવાનું જણાયેલ છે, પરંતુ આરોપી નં. ૧ અને ૨ ની સારવાર કરનાર મેડીકલ ઓફીસર સાહેદ નં. ૧૧ ડૉકટર અલ્પેશભાઇના પુરાવા મુજબ આરોપી નં. ૨ ના શરીર ઉપર કોઇ ઈજા જણાઈ આવેલ નથી તેમજ સિરોલોજી વિભાગનો અહેવાલ લક્ષમાં લેતાં મરણજનારનું બ્લડ તથા અન્ય તમામ સેમ્પલ અનિર્ણીત રહેવા પામેલ છે ત્યારે મરણજનારના બંને હાથના નખ, જરસી, લોઅર, હાફચડી(જાંગીયા) ઉપર મળી આવેલ 'ઓ' ગ્રુપનું માનવ રુધીર આરોપી નં. ૨ નું જ હોવાનું માની શકાય તેમ નથી, કારણકે, મરણજનારના બ્લડનું ગ્રુપ પણ 'ઓ' પ્રકારનું હોઈ શકે. પોલીસ સાહેદો ધ્વારા સ્વાભાવિક રીતે તેમણે આ કામે કરેલ કામગીરીને અનુરુપ પુરાવો રજુ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો લક્ષમાં લેતાં આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી અને માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર તેમજ બે રસધરાવતા સાહેદો જેમણે બનાવ નજરે જોયેલ નથી તેમના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. આ કામે બચાવપક્ષ તરફે તમામ પંચનામા કબુલ રાખવામાં આવેલ છે પણ રજુ થયેલ અન્ય પુરાવો લક્ષમાં લેતાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ નથી ત્યારે પંચનામા કબુલ રાખેલ છે તેટલા માત્ર કારણોસર આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબીત માની શકાય નહી. ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ યોગ્યતે અને મજબુત પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવો પડે, જેમાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. એકંદરે

ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૯) ઉપરોકત હકીકતે આ કેસના મારા નિર્ણય માટે, નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિઃ શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં. ૧ ને પોતાની પત્ની સેજલ સાથે આ કામના મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાને આડોસંબંધ હોવાનો શક-વહેમ હોય તે કારણે આરોપી નં. ૧ નાએ આરોપી નં. ૨, ૩, ૪ સાથે મળી તારીખ ૨૯-૦૫-૨૦૧૭ ના રોજ અથવા તે અગાઉ કોઇપણ સમયે આ કામના મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાનું ખૂન કરવા માટેનું ગુન્હાહિત કાવતરું રચી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૦(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે ?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃ શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ રચેલ ગુન્હાહિત કાવતરાને અંજામ આપવા માટે, આરોપી નં. ૧ નાએ તારીખ ૨૯-૦૫-૨૦૧૭ ના રોજ મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાને પોતાના ધરે દરીયાપુર ખાતે બોલાવી અને ત્યારબાદ રાતના કલાક આઠ-સાડા આઠ અગાઉ કોઇપણ સમયે મેણવાસ, કુટી મસ્જીદની સામે, દરીયાપુર ખાતે જાહેરમાં આરોપી નં. ૧ નાએ છરા જેવા સીધા લાંબા તીક્ષ્ણ હથિયાર વડે તથા આરોપી નં. ૨ અને ૩ નાએ લાકડાના હાથાવાળા ધારીયા જેવા તીક્ષ્ણ હથિયાર વડે મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાને ખૂન

કરવાના ઈરાદે માથામાં તથા શરીરે ઉપરા–છાપરી ધા મારી મરણતોલ ઈજા પહોંચાડતા તેમજ આરોપી નં. ૪ નાએ મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાને ગડદાપાટુનો માર મારી વ્યથા કરતા તે કારણોસર મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાનું મોત નિપજેલ છે અને તે રીતે આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાનો સાપરાધ મનુષ્યવધ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે ?

(૩) શું ફરીયાદ પક્ષ નિઃ શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ રચેલ ગુન્હાહિત કાવતરાને આધીન મરણજનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ઉર્ફે લોગી ગંગારામ વાઘેલાનું મોત નિપજાવ્યા બાદ એકબીજાની મદદગારીમાં પુરાવાનો નાશ કરવાના ઈરાદે ગુન્હામાં વાપરેલ હથિયાર ધારીયાને આરોપી નં. ૩, ૪ નાએ આરોપી નં. ૧ ના ધરે ચોકડીમાં પાણીથી ધોઇ નાંખી અને ત્યારબાદ આરોપી નં. ૧, ૨, ૩ નાએ રીક્ષામાં બેસી વાડજ તરફ જતા પહેલા આવેલ દધિચીઋષી બ્રીજ ઉપર જઇ, બ્રીજ ઉપરથી ગુન્હામાં વાપરેલ હથિયાર લાંબો સીધો છરો અને ધારીયુ સાબરમતિ નદીમાં ફેંકી દઈ તેમજ ત્યારબાદ આરોપી નં. ૧, ૨ નાએ અડાલજ ખાતે જઇ પોતે બનાવ સમયે પહેરેલ કપડા જે લોહીવાળા થયેલ હોય તેને સળગાવી નાંખી પુરાવાનો નાશ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૧, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે ?

(૪) શું ફરીયાદ પક્ષ નિઃ શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાછતાં આરોપીઓએ રચેલ ગુન્હાહિત કાવતરાને અંજામ આપવા માટે આરોપી નં. ૧ નાએ છરા જેવું તથા આરોપી નં. ૨, ૩ નાએ ધારીયા જેવું તીક્ષ્ણ હથિયાર ધારણ કરી અને તેનો ઉપરોકત હકીકતે ગુન્હાહિત કૃત્ય કરવામાં ઉપયોગ કરી, મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે ?

(૫) છેવટનો શું હુકમ.

(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વેના, મારા નિર્ણયો, નીચે જણાવેલ કારણોસર, નાચે મુજબ છે.

(૧) હકારમાં.
(૨) હકારમાં.
(૩) હકારમાં.
(૪) હકારમાં.
(૫) આખરી હુકમ મુજબ.

(૧૧) સદરહુ રજુઆતો અને પડેલ પુરાવાને ધ્યાને લઇને, ઉપરોકત મુદાઓના નિર્ણયો અંગે હું નીચે મુજબ મારા કારણોની ચર્ચા કરું છું.

**કા ર ણો**

**મુદ્દા નં.૧ થી ૪.**

ઉપરોકત ચારેય મુદા પરસ્પર સંકળાયેલા હોય અને એક જ બનાવમાંથી ઉપસ્થિત

થયેલ હોય અને તેના અનુસંધાને ઉભય પક્ષકાર તરફથી સમાન પુરાવો અને દલીલો રજુ થયેલ હોય, પુનરાવર્તનનો દોષ ટાળવા માટે ચારેય મુદાની ચર્ચા એકીસાથે કરીને તેને નિર્ણીત કરવાનું મુનાસીબ માનેલ છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ થી હીતેશભાઇ કનુસીંહ વાઘેલા(સાહેદ નં. ૧) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ બાદ આરોપીઓને હથિયાર સાથે જતા જોનાર ઇસમ છે તેમને, આંક–૧૧ થી સુનીતાબેન રાહુલભાઇ સોલંકી(સાહેદ નં.૨) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઇસમ છે તેમને, આંક–૧૨ થી રાહુલભાઇ કિશોરભાઇ સોલંકી(સાહેદ નં.૩) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઇસમ છે તેમને, આંક–૧૩ થી નરેશ ઉર્ફે કાળીયો સુરેશભાઇ રાવત(સાહેદ નં.૪) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ બાદ આરોપીઓને હથિયાર સાથે જોનાર ઇસમ છે તેમને, આંક–૧૪ થી વિષ્ણુભાઇ બાબુભાઇ મેણા(સાહેદ નં.૫) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઇસમ છે તેમને, આંક–૧૫ થી વિનોદભાઇ બાબુલાલ પરમાર(સાહેદ નં.૬) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઇસમ છે તેમને, આંક–૧૬ થી શૈલેષભાઇ ઇશ્વરભાઇ પરમાર(સાહેદ નં.૭) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઇસમ છે તેમને, આંક–૧૭ થી પ્રવિણભાઇ ઇશ્વરભાઇ પરમાર(સાહેદ નં.૮) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઇસમ છે તેમને, આંક–૧૮ થી જશવંતભાઇ છગનભાઇ મેણા(સાહેદ નં.૯) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઇસમ છે તેમને, આંક–૧૯ થી મનોજભાઇ ઉર્ફે લખન જગદીશભાઇ બાવા(સાહેદ નં.૧૦) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઇસમ છે તેમને, આંક–૨૮ થી ધીરજભાઇ બળવંતભાઇ લોધા(સાહેદ નં.૧૧) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ અગાઉ આરોપીઓ અને મરણજનાર વચ્ચે થયેલ

બોલાચાલી અને રકઝક જોનાર ઈસમ છે તેમને, આંક–૨૯ થી કમળાબેન કમલેશભાઈ લોધા(સાહેદ નં.૧૩) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઈસમ છે તેમને, આંક–૩૦ થી આત્મારામ મણીલાલ ગોસ્વામી(સાહેદ નં.૧૪) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઈસમ છે તેમને તેમજ આંક–૩૧ થી જયેશભાઈ નટવરલાલ મેણા(સાહેદ નં.૧૫) જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ઈસમ છે તેમને સોગંદ ઉપર તપસવામાં આવેલા છે. ફરીયાદપક્ષ તરફે પોતાના સમર્થનમાં તપાસવામાં આવેલ આ તમામ સ્વતંત્ર સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો આ તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી લેશમાત્ર હકીકત જણાવેલ નથી. વિ.એ.પી.પી.શ્રી દ્વારા આ તમામ સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં પણ આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૧૩) વધુમાં ફરીયાદપક્ષ તરફે આંક–૨૪ થી ડૉકટર અલ્પેશભાઈ ઝવેરચંદ શાહ(સાહેદ નં.૧૧) જેઓ આરોપી નં. ૧ અને આરોપી નં. ૨ ની સારવાર કરનાર મેડીકલ ઓફીસર છે તેમને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તારીખ ૨–૦૬–૨૦૧૭ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે સિવિલ હોસ્પિટલમાં ફરજ ઉપર હાજર હતા ત્યારે રાત્રે ૧૦.૨૨ મિનીટે હે.કો. બ.નં.૩૭૯૮નાઓ પી.આઈ.શ્રી વી.એન.યાદવની યાદી સાથે આરોપી નામે ભદ્રેશ ઉર્ફે ભુરજી મફાજી ઠાકોરને ગુ.ર.નં.૨૦/૨૦૧૭ અન્વયે રીમાન્ડ અન્વયે સારવાર સારું લાવેલા. સારવાર શરું કરતા પહેલા કેસ પેપર્સમાં દર્દીના અંગુઠાનું નિશાન લીધેલ અને ઓળખના ચિન્હ લીધેલ. તેમણે તેને તકલીફ અંગે પુછતાં તેને કોઈપણ જાતની તકલીફ ન હતી અને તેને કોઈપણ જાતની તાજી ઈજા થયેલ ન હતી.

તેની શારીરીક તપાસ કરતા તે સંપુર્ણ ભાનમાં હતા અને સહકાર આપતા હતા. તેના શરીરનું તાપમાન નાડીના ધબકારા અને બ્લડપ્રેસર સામાન્ય હતા. તેના શ્વાસની ક્રિયા અને હૃદયના ધબકારા સામાન્ય હતા અને તેનું પેટ પોચું હતું. તેમણે તેને ઓ.પી.ડી. તપાસ કરીને સારવાર આપેલી. વધુમાં એવું જણાવેલ છે કે, તે જ દિવસે આરોપી મુકેશ ઉર્ફે અબુદ શંકરભાઇ રાવતને હે.કો. બ.નં.૩૭૯૮નાઓ પી.આઇ.શ્રી દરીયાપુર પોલીસ સ્ટેશનની યાદી સાથે આ જ ગુન્હાના કામ અંગે રીમાન્ડ અન્વયે સારવાર માટે લાવેલા. આ દર્દીની સારવાર કરતા પહેલા કેસ પેપર્સમાં તેના અંગુઠાનું નિશાન લીધેલ અને તેના ઓળખના ચિન્હો નોંધેલા. તેમણે તેને તકલીફ અંગે પુછતા કોઇપણ જાતની તકલીફ ન હતી અને તેને કોઇપણ જાતની તાજી ઇજા થયેલ ન હતી. તેની શારીરીક તપાસ કરતા તે સંપુર્ણ ભાનમાં હતા અને સહકાર આપતા હતા. તેના શરીરનું તાપમાન નાડીના ધબકારા અને બ્લડપ્રેસર સામાન્ય હતા. તેના શ્વાસની ક્રિયા અને હૃદયના ધબકારા સામાન્ય હતા અને તેનું પેટ પોચું હતું. તેમણે તેને ઓ.પી.ડી. તપાસ કરીને સારવાર આપેલી. આ સાહેદે આંક–૨૫ થી આરોપી ભદ્રેશ ઉર્ફે ભુરજી અને આરોપી મુકેશના સારવાર પેપર્સ તથા આંક–૨૬ થી પોલીસ યાદી રજુ રાખેલ છે.

(૧૪) વધુમાં ફરીયાદપક્ષ તરફે આંક–૩૨ થી અમીતભાઇ દિલીપભાઇ પંચાલ(સાહેદ નં.૧૬)ને તપાસવામાં આવેલા છે. આ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેઓ દહેગામ રોડ રેલ્વે સ્ટેશન રોડ પાસે આવેલ હરિઓમ સોસાયટી સામે વિધી એગ્રીકલ્ચર નામની દુકાન ધરાવી ખેતી ઓજાર વેચવાનું કામ કરે છે. તેમની દુકાનમાં ખેતીના ઓજાર અને તેને લગતા સાધનો વેચતા હોય ઘણા બધા લોકો આ ઓજારો લેવા માટે આવતા હોય છે. તેમના ત્યાં દરીયાપુર પોલીસ આવેલી અને તેમની પુછપરછ કરેલી. તેમને પુછેલ કે, તેમના ત્યાંથી તારીખ ૨૯–૦૫–૨૦૧૭ ના રોજ તેમની સાથે આવેલ વ્યકિત ધારીયા જેવું હથિયાર લઇ ગયેલ છે, જેથી તેઓ તે દિવસે

હાજર ન હોય તેમના માણસો હાજર હોય તેમણે પોલીસને તે વિગતો લખાવેલી. તેમના ત્યાં દિવસ દરમિયાન ધણા બધા ગ્રાહકો ખેતીને લગતો સામાન જેવોકે ધારીયા, કુહાડી, ત્રિકમ લેવા આવતા હોય તેથી પોલીસ સાથે આવેલ વ્યકિત તેમના ત્યાંથી ધારીયુ લઇને ગયેલ છે કે કેમ તે ચોક્કસ કહી શકે નહી. આ સિવાય તેઓ બીજું કાંઇ જાણતા નથી. તેમણે આરોપીને જોયેલ નથી. તેઓ કોઇ આરોપીને જાણતા નથી. આરોપીને કોર્ટ રુબરુ ઓળખવાનો ઇન્કાર કરેલ છે.

(૧૫) વધુમાં ફરીયાદપક્ષ તરફે આંક–૩૩ થી ડૉકટર સાહેદ ભાર્ગવભાઇ બેચરભાઇ ઝવેરી (સાહેદ નં. ૧૭) જેઓ મરણજનારના શબનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર છે તેમને તપાસવામાં આવેલા છે. આ ડૉકટર સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તારીખ ૩૦–૦૫–૨૦૧૭ના રોજ તેઓ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે પી.એમ. વિભાગમાં ફરજ ઉપર હતા ત્યારે દરીયાપુર પોલીસ સ્ટેશનના સીનીયર પી.આઇ.શ્રીની યાદી સાથે મરણજનાર રાજેશ ઉર્ફે લોગી ગંગારામભાઇ વાઘેલાની લાશને પી.એમ. સારું સિવિલ હોસ્પિટલ ખાતે રાત્રીના ૩.૩૦ વાગે લાવવામાં આવેલ, જે લાશ ઉપર પેનલ ડૉકટર દ્વારા પી.એમ. કરવાનું હોઇ તેમણે તથા તેમના સાથી ડૉકટર એમ.સી.સુતરીયાએ તે જ દીવસે સવારના ૧૧.૩૦ વાગે પી.એમ. શરું કરી ૧.૦૦ વાગે પુર્ણ કરેલ. વધુમાં એવું જણાવેલ છે કે, લાશ જોતાં ૩૭ વર્ષના પુરુષની હતી અને તેના શરીર ઉપર ગોળ ગળાની કાળા કલરની અડધી બાંયની ટીશર્ટ, નેવી બ્લ્યુ કલરનું ટેક પેન્ટ અને અંદર બોક્સ ટાઇપની ખાખી કલરની ચડી હતી. વધુમાં એવું જણાવેલ છે કે, ટીશર્ટમાં ડાબા પડખાના ભાગ ઉપર આશરે ૧૫ સેમી લંબાઇના બે કટ અને ૫ સેમીનો એક કટ તેમજ ડાબી તરફના ભાગે ગળાથી પાછળના ભાગ તરફ આશરે ૯ સેમી અને ૫ સેમીના બે ઉભા કટ હતા. વધુમાં એવું જણાવેલ છે કે, ટેક પેન્ટ ઉપર આગળના ડાબી તરફના ભાગે ઇલાઇસ્ટીકની ઉપરની

કિનારીથી ૯ સેમી નીચે અને વચ્ચેની સિલાઈથી ડાબી તરફ ૪ સેમીનો ત્રાંસો કટ હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ચડી ઉપર આગળના બટનના ખીસ્સા ઉપરના મધ્ય ભાગે ઈલાઈસ્ટીકની ઉપરની કિનારીથી ૮ સેમી નીચે ૪ સેમીનો ત્રાંસો કટ હતો. વધુમાં એવું જણાવેલ છે કે, લાશ ઉપરથી ઓળખ ચિન્હો નોંધેલ હતા તેમાં જમણા હાથના બાવડા ઉપર મોટા અક્ષરે અંગ્રેજીમાં ''આરડીએકસ''નું છુંદણું હતું અને જમણા હાથના પંજાના પાછળના ભાગે ''મા'' લખેલ છુંદણું હતું. વધુમાં એવું જણાવેલ છે કે, લાશ જોતાં મજબુત બાંધાની અને ઠંડી હતી. શરીર ઉપર રાયગર મોટીસની હાજરી આખા શરીરે જણાતી હતી. લાશના પુષ્ટ ભાગે પી.એમ. લિવીડીટી ફીકસ થયેલી જણાતી હતી. બંને આંખો બંધ હતી, મોઢું બંધ હતું જે પૈકી ઉપરના હોઠ ઉપર ઈજા જોવા મળેલ. નાકમાંથી અને જમણા કાનમાંથી રક્તસ્ત્રાવ જણાતો હતો. શરીર ઉપર ધણી બધી જગ્યાએ લોહી ચોંટેલ હતું. વધુમાં એવું જણાવેલ છે કે, લાશ ઉપરની બાહ્ય ઈજાઓમાં માથાના જમણા ફ્રન્ટલ ટેમ્પોરલ પેરાઈટલ અને મસ્ટોડ ભાગમાં તથા ડાબા પરાઈટલ લાભમાં ૪ ચોકવુન્ડ જેની સાઈઝ ૮*૧.૫ સેમીની લઈને ૧૬*૨ સેમી માપના હતા અને તે ત્રાંસા ડાયરેકશનમાં હતા અને આ અલગ અલગ ધા ના અમુક અમુક ભાગ ચામડી તથા સ્નાયુથી એકબીજા સાથે જોડાયેલા હતા અને તે ધાની નીચે ખોપરીનું હાડકું કપાઈને ખોપરીમાંથી મગજના અમુક ભાગ બહાર નીકળેલા જણાતા હતા અને આ દરેક ધાની કિનારીઓ શાર્પ અને કલીન હતી અને તેના ઉપર ગંઠાયેલું લોહી જોવા મળેલ અને આ ચારેય ધા ટોટલ આશરે ૧૫*૨૦ સેમીના એરીયામાં અને જમણીથી ડાબી તરફ જતા આગળ તરફની દિશામાં ત્રાંસા હતા અને આ બધા ધા ની સાથે જમણા કાનમાં ઉપરનો ભાગ કુલકીનેશસથી કપાયેલો હતો. વધુમાં એવું જણાવેલ છે કે, માથાના ડાબા પરાઈટલ ઓકસીપટલ ભાગમાં ૧૦*૧ સેમીના માપનો હાડકા સુધી ઉંડો ત્રાંસો કપાયેલો ધા હતો. વધુમાં એવું જણાવેલ છે કે, માથાના ડાબા ફ્રન્ટલ ભાગમાં ૩*૧ સેમીના માપનો સ્નાયુ સુધી ઉંડો ત્રાંસો કપાયેલો ધા હતો. વધુમાં એવું જણાવેલ છે કે,

કપાળના મધ્ય ભાગે એક આડો કપાયેલ ૮*૧.૫ સેમીના માપનો હતો જે ખોપરીના ફ્રન્ટલ હાડકા ઉપર સ્લાઇના રુપમાં કપાતો હોય તેવો હતો. વધુમાં એવું જણાવેલ છે કે, કપાળમાં જમણી બાજુ આંખની ભ્રમરથી તરત ઉપર ૪*૦.૫ સેમીના માપનો હાડકા સુધી ઉંડો આડો કપાયેલો ધા હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ચહેરા ઉપર નાકના ટેરવાથી ૧ સેમી ઉપરના લેવલ તથા નાકની બંને બાજુના ગાલ ઉપર સળંગ સામાન્ય ત્રાંસો ૯*૧ સેમીના માપનો નાકના પોલાણ સુધી ઉંડો ચોકવુન્ડ હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ડાબા ગાલ તથા ઉપરના હોઠની ડાબી બાજુના ભાગ ઉપર ૮*૧ સેમીના માપનો આડો ચોકવુન્ડ હતો જે અંદરના ભાગે જડબાના હાડકા ઉપર શાર્પ નિશાન છોડતો હતો. વધુમાં એવું જણાવેલ છે કે, જમણા હાથની કલાઇના મધ્ય અને પાછળના ભાગે ૫*૧ સેમીના માપનો સ્નાયુ સુધી ઉંડો ત્રાંસો કપાયેલો ધા હતો. વધુમાં એવું જણાવેલ છે કે, જમણા હાથના અંગુઠાના મૂળ પાસે ૧.૫*૦.૫ સેમીના માપનો સ્નાયુ સુધી ઉંડો કપાયેલો ધા હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ડાબા હાથની કલાઇ ઉપર કોણીથી તરત નીચે આગળના ભાગે ૭*૧ સેમીના માપનો સ્નાયુ સુધી ઉંડો કપાયેલો ધા હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ડાબા હાથના અંગુઠા અને પહેલી આંગળી વચ્ચેના ભાગ ઉપર ૭*૧.૫ સેમીના માપનો ૩ સેમી જેટલો ઉંડો ચોકવુન્ડ હતો. વધુમાં એવું જણાવેલ છે કે, છાતી ઉપર જમણી બાજુની નિપલથી નજીક ૬*૦.૫ સેમી અને ૪*૦.૫ સેમીના માપના ચામડી સુધી ઉંડા બે ત્રાંસા કપાયેલા ધા હતા. વધુમાં એવું જણાવેલ છે કે, ડાબી તરફ છાતી બહારની બાજુ મધ્યરેખાથી ૧૪ સેમી બહાર અને નિપલથી ૬ સેમી નીચે આવે તેમ ૧૩*૧ સેમી માપનો ચામડી નીચેની ચરબી સુધી ઉંડો ત્રાંસો કપાયેલો ધા હતો જે બહાર અને નીચેની તરફ ડાયરેકશનમાં હતો તેનો બહારનો છેડો બગલની મધ્યરેખાની લાઇમાં હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ડાબી નિપલથી ૧૦ સેમી નીચે મધ્યરેખાથી ૧૦ સેમી ડાબી બાજુ ૬*૧.૫ સેમીના માપનો ત્રાંસો ભોંકાયેલો ધા હતો જેનો મધ્ય તરફનો ભાગ .ન્ટડ હતો અને બહારની

તરફ ભાગ એકવીટ હતો અને તે પેટના પોલીણ સુધી ઉંડે જતો હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ૧૬*૨ સેમીના માપનો ચામડી નીચેનો ચરબી સુધી ઉંડો ત્રાંસો કપાયેલો ધા છાતી ઉપર નીચેની અને બહારની બાજુ તેમજ પેટના ઉપરના ભાગે જણાતો હતો તેનો મધ્ય છેડો ડાબી નિપલથી ૧૪ સેમી નીચે અને મધ્યરેખાથી ડાબી બાજુ હતો તેમજ બહારનો છેડો બગલના આગળના ફલોડની લાઇનમાં હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ૪.૫*૧ સેમીના માપનો ૫ સેમી જેટલો સ્નાયુ અને ચરબીમાં ઉંડો ત્રાંસો ભોંકાયેલો ધા પેટના ડાબા લબર ભાગમાં નાભીના લેવલથી ૫ સેમી ડાબી બાજુ હતો જેનો મધ્ય તરફનો છેડો બલ્ટ અને બહાર તરફનો છેડો એકયુટ હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ૪*૨ સેમીના માપનો સ્નાયુ અને ચરબીના ભાગમાં ૪ સેમી ઉંડો ડાબા પેઢાના ભાગથી સહેજ ઉપર ભોંકાયેલો ધા હતો જે મધ્ય રેખા તરફ ત્રાંસો અને ઉંડો જતો હતો જેનો બહારનો છેડો  એકયુ અને મધ્ય તરફનો છેડો બલ્ડ હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ગુપ્તભાગના મોડ ઉપર ડાબી બાજુ અને પેઢાના ભાગે ૩*૦.૫ સેમીના માપનો ૪ સેમી જેટલો સ્નાયુમાં ઉંડો ત્રાંસો ભોંકાયેલો ધા હતો જેનો મધ્ય તરફનો છેડો બલ્ડ અને બહારનો છેડો એકયુટ હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ૪*૨ સેમીના માપનો ત્રાંસો કપાયેલો ધા ડાબા ઈલેકટીવ ભાગનો હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ઈજા નં.૧૯ થી આગળ અને પાછળની તરફ ડાબા પડખાના ભાગે ૩*૧ સેમીના માપનો ત્રાંસો કપાયેલો ધા હતો. વધુમાં એવું જણાવેલ છે કે, ડાબા ખભાની પાછળના ભાગે ગરદનથી નજીક ૮*૨ સેમીના માપનો ૩ સેમી ઉંડો ઉભો ચોકવુન્ડ હતો. વધુમાં એવું જણાવેલ છે કે, આ તમામ ઈજાઓમાં તેની કિનારીઓ શાર્પ અને કલીનકટ હતી તેમજ ધા ઉપર ટેકના ભાગે લોહી અને ગંઠાયેલું લોહી જણાતું હતું. વધુમાં એવું જણાવેલ છે કે, લાશની આંતરીક તપાસ કરતા ખોપડીના હાડકામાં જમણા તરફના ટેમ્પોરલ અને પેરાઇટલ અને મસ્ટોડ હાડકાઓ તથા ડાબી તરફના ફ્સ્ટેલ અને પેરાઇટલ હાડકાનું ફ્રેકચર થયેલ હતું. મગજ ઉપર તેનું આવરણ કપાયેલું હતું. આખા

મગજ ઉપર શબ એરોકનેટ હેમરેજની હાજરી જણાતી હતી. મગજના જમણા ફ્રન્ટલ ટેમ્પોરલ અને પેરાઇટલમાં કટ હતા. વધુમાં એવું જણાવેલ છે કે, બાહ્ય ઈજાઓ પૈકી ઈજા નં. ૧૪ જોતાં તે ડાબી પાંસળીમાં સૌથી નીચેના ભાગને કટ કરતો પેટના પોલીણમાં જતો હતો તે પેરીટોનીયમ ઓમન્ટલમ અને નાના આંતરડાને ડાબી બાજુ કટ કરી નાનુ આંતરડુ અને પુરું થતું હતું. આ ઘા ની દિશા પાછળ મધ્ય તરફ અને નીચે તરફની હતી. પેટના પોલાણમાં અંદાજે ૫૦૦ શીશી લોહી જોવા મળેલ. બંને ફેફસા, લીવર, સ્વાદુપીંડ, બરોળ અને બંને કીડની ફીકા પડેલ હતા. હોજરી જોતાં સામાન્ય હતી અને તેમાં પીળાશ પડતા કલરનો અર્ધ પચેલ ખોરાક હતો. વધુમાં એવું જણાવેલ છે કે, લાશ ઉપરથી લોહી, માથાના વાળ તથા નખના સેમ્પલ મેળવી સાથે આવેલ પોલીસને શીલબંધ હાલતમાં સુપ્રત કરેલ. વધુમાં એવું જણાવેલ છે કે, તેમના તથા તેમના સાથી ડૉકટર એમ.સી.સુતરીયાના સંયુકત અભિપ્રાય મુજબ મરણજનારનું મોત તેના શરીર ઉપર થયેલ અસંખ્ય ઈજાને કારણે આધાત અને રક્તસ્ત્રાવથી થયેલ છે. આ સાહેદે પુરાવા દરમિયાન આંક–૩૪ થી પી.એમ.નોટ તથા આંક–૩૫ થી પોલીસ યાદી રજુ રાખેલ છે. વધુમાં એવું જણાવેલ છે કે, કોલમ નં.૧૭ માં દર્શાવેલી ઈજાઓ તીક્ષ્ણ અને ધારદાર અને ઠોસપૂર્વક કરવામાં આવેલ છે અને આ ઈજાઓ લાકડા, કાપના ધારીયા અને છરાઓથી શક્ય છે. વધુમાં એવું જણાવેલ છે કે, મુદામાલ આર્ટીકલ નં.૨૧ વાળા હથિયાર ધારીયાથી હાલની ઈજાઓ થઇ શકે.

(૧૬) વધુમાં ફરીયાદપક્ષ તરફે આંક–૫૦ થી રીશીભાઇ કનુભાઇ વાઘેલા(સાહેદ નં. ૧૮) જેઓ આ કામના ફરીયાદી અને મરણજનારના ભત્રીજા છે તેમને તપાસવામાં આવેલા છે. આ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેમના કાકાનું નામ રાજુ ઉર્ફે લોગી હતું. તેમના કાકા છેલ્લા એકાદ વર્ષથી ટેન્શનમાં રહેતા હતા. તેમણે તેમના કાકાને પૂછેલું કે, કેમ ટેન્શનમાં રહો છો તો તેઓએ તેમને

જણાવેલ કે, દરીયાપુરમાં તેમનો મિત્ર ભુરજી રહે છે તે તેની બીજી પત્ની સાથે તેમને આડા સંબંધ છે તેવો વ્હેમ રાખી અવારનવાર તેમની સાથે બોલાચાલી ઝગડો કરે છે. જેથી, તેમણે તેમના કાકાને સમજાવેલ કે, ચિંતા ન કરો, બધું સારું થઇ જશે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ તારીખ ૨૯–૦૫–૨૦૧૭ના રોજ તેમના કાકાનો ત્રણ વાગે તેમના ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, દરીયાપુરમાં તેમનો મિત્ર ભુરજી રહે છે અને તેનો તેમના પર ફોન આવેલ છે અને ભુરજીએ તેમને તેના ધરે બોલાવેલ છે. વધુમાં એવું જણાવેલ છે કે, તેમના કાકાએ તેમને કહેલ કે, તેમના માટે નવા ચંપલ લાવ, જેથી તેઓ તેમના કાકા માટે નવા ચંપલ લઇને આવેલ અને ત્યારબાદ તેમના કાકા તેમનું એકસેસ જેનો નં.૧૨૨૩ છે તે લઇને દરીયાપુર ગયેલા. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ સાંજના ચાર વાગ્યાની આજુબાજુ તેમના કાકી રંજનબેન ઉપર તેમના કાકાનો ફોન આવેલો અને કહેલ કે, એક કીલો મટન અને તેમનો મિત્ર ભુરજી મટન નથી ખાતો તેના માટે દાળ બનાવી રાત્રે રીશી સાથે ટીફીનમાં મોકલી દેજો અત્યારે તેઓ તેમના મિત્ર ભુરજી, ભુરજીનો ભાણીયો રોહીત અને ભુરજીના મિત્ર અંગુલ સાથે દરીયાપુર ભુરજીના ધરે બેઠેલ છે. જે વાતની જાણ તેમના કાકીએ તેમને કરેલી. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ તેઓ તરત મટન લઇને આવેલ અને તેમના કાકી રસોઇ કરવા બેઠેલા. આઠ વાગ્યાના સુમારે ટીફીન તૈયાર થઇ ગયેલું અને તેઓ ટીફીન આપવા નીકળતા હતા ત્યારે તેમના કાકી ઉપર તેમના ભાઇ અમીતનો ફોન આવેલો કે, દરીયાપુરમાં રાજુ બનેવીનો ભુરજી સાથે કાંઇક ઝગડો થયેલ છે, જેથી તેઓ, તેમના કાકી અને તેમના બીજા કાકા પપ્પુભાઇ મેણાવાસ, દરીયાપુર ખાતે ગયેલા અને ત્યાં જઇને જોયેલ તો તેમના કાકા રાજુભાઇ લોગી લોહીલુહાણ હાલતમાં પડેલા હતા અને ત્યાં કોઇએ ૧૦૮ બોલાવતા તેઓ અને તેમના કાકી તેઓને સિવિલ હોસ્પિટલ ખાતે લઇ ગયેલા. વધુમાં એવું જણાવેલ છે કે, આ બનાવની ફરીયાદ પોલીસે સિવિલ હોસ્પિટલ ખાતે પી.એમ. આગળ લીધેલી અને ત્યારબાદ આ બનાવવાળી જગ્યા

પોલીસને તેમણે બતાવેલી. આ સાહેદે આરોપીઓને કોર્ટ રુબરુ નામજોગ ઓળખી બતાવેલ છે અને અસલ ફરીયાદ જોઇને તે તેમણે આપેલ હોવાનું જણાવી તેમાં પોતાની સહી ઓળખી બતાવી તે આંક–૫૧ થી રજુ રાખેલ છે.

(૧૭) વધુમાં ફરીયાદપક્ષ તરફે આંક–૫૨ થી રંજનબેન રાજુભાઇ ઉર્ફે લોગી વાઘેલા(સાહેદ નં. ૧૯) જેઓ મરણજનારના પત્ની છે તેમને તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તારીખ ૨૯–૦૫–૨૦૧૭ના રોજ તેમના પતિ રાજુભાઇ ઉર્ફે લોગી સવારથી ધરે હાજર હતા અને તે જ દિવસે દરીયાપુર મેણાવાસમાં રહેતા ભદ્રેશ ઉર્ફે ભુરજીનો તેમના ઉપર ફોન આવેલ અને તેણે તેમના પતિને દરીયાપુર ખાતે બોલાવેલ અને તે સમયે તેમના પતિ પાસે પહેરવા માટે સ્લીપર ન હતી, જેથી તેમના પતિએ તેમના ભત્રીજા રીશી પાસે પહેરવા માટે સ્લીપર મંગાવેલી અને થોડીવારમાં રીશી સ્લીપર લઇને આવેલો અને તે સ્લીપર પહેરીને તેમના પતિએ તેમને જણાવેલ કે, તેઓ તેમની એકસીસ નં.૧૨૨૩ લઇને દરીયાપુર ભદ્રેશના ધરે જાય છે અને તેમનો ભત્રીજો રીશી તેમની પાસે રોકાયેલો. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ સાંજે ચારેક વાગે તેમના પતિનો તેમના મોબાઇલ ઉપર ફોન આવેલ અને તેમને જણાવેલ કે, એક કીલો મટન બનાવજે અને તેમનો મિત્ર ભદ્રેશ ઉર્ફે ભુરજી મટન ખાતો નથી જેથી તેના માટે દાળ બનાવજે અને ટીફીન તૈયાર કરીને રીશી સાથે ભદ્રેશ ઉર્ફે ભુરજીના ધરે મેણવાસમાં મોકલજે અને અત્યારે દરીયાપુર મેણવાસમાં ભદ્રેશ ઉર્ફે ભુરજીના ધરે તેઓ, ભદ્રેશ ઉર્ફે ભુરજી, ભદ્રેશ ઉર્ફે ભુરજીનો ભાણીયો રોહીત અને ભદ્રેશ ઉર્ફે ભુરજીનો મિત્ર અંગુલ છે અને ટીફીન તૈયાર કરીને રીશી જોડે મોકલાવજે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ તેમણે આ વાત રીશીને કરેલ કે તેના કાકાનો ફોન આવેલ છે અને ટીફીન તૈયાર કરીને મોકલવાનું છે તેથી રીશી મટન લઇ આવેલ અને તેઓ ટીફીન તૈયાર કરીને રીશીને આપવા માટે મોકલતા હતા તેવામાં તેમના ભાઇ

અમિતભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે, બનેવી ભદ્રેશ ઉર્ફે ભુરજી સાથે દરીયાપુર બેઠેલા છે અને કોઈ કારણસર ઝગડો થયેલ છે અને ભદ્રેશ અને તેના મિત્રો અને તેના ભાણીયાએ બનેવીને ગંભીર ઈજાઓ પહોંચાડેલ છે. જેથી તેઓ, તેમનો ભત્રીજો રીશી અને તેમના મોટો બાપાનો દિકરો પપ્પુ તરત દરીયાપુર ગયેલા અને ત્યાં જઈને જોયેલ તો તેમના પતિને ગંભીર ઈજાઓ પહોંચાડેલી હતી અને તેમના પતિના શરીરના માથાના ભાગે તલવારો મારી ગંભીર ઈજાઓ કરેલી હતી અને તેમના પતિ મરણ હાલતમાં પડેલા હતા. વધુમાં એવું જણાવેલ છે કે, તેમના ભત્રીજા રીશીએ તેમને જણાવેલ કે, કાકા રાજુભાઈ છેલ્લા એકાદ વર્ષથી બહુ જ ટેન્શનમાં રહેતા હતા, જેથી ટેન્શનનું કારણ પુછતા તેમના પતિએ તેને જણાવેલ કે, ભદ્રેશ ઉર્ફે ભુરજી જે દરીયાપુર ખાતે મેણવાસમાં રહે છે તે તેની બીજી પત્ની સેજલ તથા તેમના વચ્ચે આડા સંબંધ બાબતે વહેમ શંકા રાખે છે તેથી અવાર નવાર ભદ્રેશ ઉર્ફે ભુરજી ઝગડા કરે છે. વધુમાં એવું જણાવેલ છે કે, આ શંકાના કારણે ભદ્રેશ ઉર્ફે ભુરજી, ભદ્રેશ ઉર્ફે ભુરજીનો ભાણીયો રોહીત અને ભદ્રેશ ઉર્ફે ભુરજીનો મિત્ર અંગુલનાએ છેતરપીંડી અને પ્લાન કરીને તેમના પતિને ભદ્રેશ ઉર્ફે ભુરજીના ધરે બોલાવેલા અને ત્યારબાદ ભેગા મળીને તેમના પતિને માથાના ભાગે, શરીરના ભાગે અને મોઢાના ભાગે તલવારો મારેલ અને તેમના પતિ મરણ ગયા પછી પણ મારેલ અને આ આખો બનાવ શક અને વહેમ રાખી કરેલ અને તેમના પતિનું મોત નિપજાવેલ. વધુમાં એવું જણાવેલ છે કે, આ બનાવની ફરીયાદ તેમના ભત્રીજા રીશીએ આપેલી અને પોલીસે આ સંદર્ભે તેમનું નિવેદન લીધેલ. આ સાહેદે આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

(૧૮) વધુમાં ફરીયાદપક્ષ તરફે આંક-૫૩ થી ભરતભાઈ પરશુરામ માંગેલા(સાહેદ નં.૨૦)ને તપાસવામાં આવેલા છે. આ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેઓ શાહપુર ફાયર સ્ટેશનમાં ફાયરમેન તરીકે ફરજ બજાવે છે અને

રીવરફ્રન્ટ ખાતે રેસ્કયુ બોટમાં તેમને ફરજ આપેલી છે અને તેમની ફરજમાં રીવરફ્રન્ટ ખાતે સાબરમતિ નદીમાં કોઇપણ વ્યકિત કે વસ્તુ કાઢવાની અને બચાવવાની જવાબદારી હોય છે. વધુમાં એવું જણાવેલ છે કે, આશરે એકાદ વર્ષ પહેલા સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ના સમયે કન્ટ્રોલથી તેમને મેસેજ આવેલો અને તેમને જણાવેલ કે, તેમને એક ગુન્હાની તપાસના કામે દરીયાપુર પોલીસ સ્ટેશન જવાનું છે અને જણાવેલ કે, દધિચિ બ્રીજ પાસે પહોંચી જાઓ, જેથી તેઓ ત્યાં પહોંચેલા અને રીવરફ્રન્ટના પૂર્વ તરફના દધિચિ બ્રીજના છેડે દરીયાપુર પોલીસ સ્ટેશનના અધિકારીઓને મળેલ અને ત્યાં પોલીસ અધિકારીએ તેમને જણાવેલ કે, એક મર્ડરના કેસમાં મર્ડર વેપર ધારુચું આરોપીએ દધિચિ બ્રીજના પીલર નં. ૩ થી ૪ વચ્ચેના પાણીમાં નાંખેલ છે જેથી તે શોધવાનું છે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ તેઓ અને તેમની ટીમે લોહીચુંબક સાથે દધિચિ બ્રીજ નીચેના ભાગે ત્રીજા અને ચોથા પીલ્લર વચ્ચે અઢીથી ત્રણ કલાક પાણીમાં શોધખોળ કરતા તેમના લોહીચુંબકમાં એક ધારીયું ચોંટીને આવતા તે ધારીયું બહાર લાવી સાહેબને આપેલ અને સાહેબે આરોપીને તે ધારીયું બતાવી પુછતાં આરોપીએ જણાવેલ કે, તે આ જ ધારીયું છે. આ ધારીયું અઢીથી ત્રણ ફૂટનું લાકડાના હાથાવાળું આગળથી વળેલું લોખંડનું હતું અને પોલીસે તે ધારીયુ કબજે કરેલું. આ સાહેદે માર્ક–ચુ(૧૮)વાળું મુદામાલ હથિયાર લાકડાના હાથાવાળું સ્ટીલના પડવાળું આગળથી વળેલું એક તરફ ધારવાળું ધારીયુ જોઇને તે જ હોવાનું જણાવેલ છે. વધુમાં એવું જણાવેલ છે કે, તેઓ જયારે ધારીયુ શોધીને લાવેલ ત્યારે પોલીસના સાહેદે ત્યાં હાજર ભદ્રેશ ઉર્ફે ભુરજીને આ ધારીયુ બતાવતા તેણે આ ધારીયુ ઓળખી બતાવેલ અને તેમના સમક્ષ કહેલ કે, આ તે જ ધારીયુ છે જે તેણે બનાવ બાદ પાણીમાં નાંખેલ હતું.

(૧૯) ફરીયાદપક્ષ તરફે આંક–૫૪ થી વિજય રમણલાલ વાઘેલા(સાહેદ નં.૨૧) જેઓ મરણજનારના પિતરાઇ ભાઇ છે તેમને સોગંદ ઉપર તપાસવામાં આવેલા

છે. આ સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો લક્ષમાં લેતાં તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી, ઉલ્ટાનું એવું જણાવેલ છે કે, ગુજરનાર રાજુભાઇ ઉર્ફે લોગી તેમના મોટા બાપાના દિકરા થતા હતા. બનાવ બાબતે તેમને કોઇ જાતમાહિતી નથી. જે દિવસે બનાવ બનેલ તે દિવસે તેઓ તેમની દિકરીને લઇને તેમના કવાર્ટરની બહાર ફરવા ગયેલ હતા ત્યારે તેમણે ઠાકોરવાસની સામે ભીડ જોયેલી, જેથી તેઓ ત્યાં જોવા ગયેલા અને ત્યાં કોઇકે તેમને જણાવેલ કે, તેમના ભાઇ રાજુ ઉર્ફે લોગીને કોઇકે મારી દીધેલ છે, જેથી તેઓ ત્યાંથી સીધા ઘરે તેમના મમ્મી પાસે ગયેલા. આ સિવાય બીજું કાંઇ જાણવા મળેલ નહી અને આ રાજુ ઉર્ફે લોગી બાબતે તેમણે તેમના ઘરના લોકોને રાજુભાઇ ગુજરી ગયેલ છે તેવી ફોનથી જાણ કરેલી. આ સિવાય બીજું કાંઇ જાણતા નથી. તેમણે એવું જાણેલ નથી કે તેમને કોઇએ કહેલ નથી કે, આ રાજુ ઉર્ફે લોગી સતત ટેન્શનમાં રહેતા હોય અને કોઇ ભદ્રેશ ઉર્ફે ભુરજી તેની બીજી પત્ની બાબતે અવારનવાર બોલાચાલી કરતો હતો. એવું પણ જાણેલ નથી કે જાણવા મળેલ નથી કે, શા કારણસર આરોપીએ રાજુ ઉર્ફે લોગીને હથિયાર વડે મારેલ. આરોપીને ઓળખવાનો પણ ઇન્કાર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રી દ્વારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૨૦) ફરીયાદપક્ષ તરફે આંક-૫૫ થી વિનોદકુમાર નેતરામ યાદવ(સાહેદ નં.૨૨) જેઓ ફરીયાદ લેનાર અને તપાસ કરનાર પોલીસ અધિકારી છે તેમને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પોલીસ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેઓ સને ૨૦૧૭માં સીનીયર પી.આઇ. તરીકે દરીયાપુર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હાજર હતા ત્યારે તારીખ ૨૯-૦૫-૨૦૧૭ના રોજ તેઓ પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમિયાન રાત્રીના લગભગ આઠ-સવા આઠના ગાળામાં પોલીસ સ્ટેશન મુકામે

ફોન આવેલ કે, કુટી મસ્જીદ પાસે મેણાવાસમાં મારામારી થયેલ છે જે આધારે તેઓ તાત્કાલીક પોલીસના માણસોને સાથે રાખી કુટી મસ્જીદની અંદર આગળ મેણાવાસ બાજુ જતાં ત્યાં રસ્તામાં રેશનીંગની દુકાન આગળ એક ઇસમ લોહીલુહાણ હાલતમાં પડેલ હતો અને તેને ખૂબજ ગંભીર ઈજાઓ થયેલ હોઇ તે જોતાં તેમજ ખરાઈ કરતા મરણ ગયેલ હોવાનું જણાયેલ. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે ત્યાં ઈજાઓ બરાબર જોઈ શકતા ન હોઈ તાત્કાલીક ૧૦૮ બોલાવી મરણજનારની લાશને સિવિલ હોસ્પિટલ પહોંચાડવા તજવીજ કરેલ અને તેવામાં મરણજનારનો ભત્રીજો રીશી કનુભાઇ ગંગારામ વાઘેલા આવી ગયેલ અને તેણે લાશ પોતાના કાકા રાજુ ઉર્ફે લોગીની હોવાનું ઓળખી બતાવેલ. ત્યારબાદ આ કામે સિવિલ હોસ્પિટલ ખાતે પી.એમ.રુમમાં જઈ મરણજનારની લાશ ઉપર મરણોત્તર ફોર્મ તથા ઇન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલ અને આ કામે મરણજનારનું પેનલથી પી.એમ. કરવા તથા જરુરી નમુના લેવા સારું ડૉકટરશ્રીને યાદી કરેલ. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે મરણજનારના ભત્રીજા રીશી કનુભાઈ વાઘેલાએ આ અંગે ફરીયાદ આપતા તેની તેમના રુબરુ ફરીયાદ લઈ ગુન્હો રજીસ્ટર થવા સારું પોલીસ સ્ટેશન મોકલી આપેલ અને પી.એસ.ઓ.શ્રીએ આ કામે દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટૅ ગુ.ર.નં.૨૦/૨૦૧૭થી ઇ.પી.કો.ક.-૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ તેમને સોંપેલ. વધુમાં એવું જણાવેલ છે કે, તેમણે આ ગુન્હાની તપાસ સંભાળ્યા બાદ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવાનું હોય જગ્યાએ જઈ બે પંચોના માણસો બોલાવેલ અને તે પહેલા એફ.એસ.એલ. અધિકારીને જગ્યાએ પધારવા યાદી લખેલ અને પંચનામુ કરવા બાબતે પંચોને સમજ કરતા હતા તેવામાં એફ.એસ.એલ. અધિકારી આવી જતા આ કામના ફરીયાદીની હાજરીમાં ફરીયાદીના બતાવ્યા મુજબ તથા પંચોની હાજરીમાં તથા એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ બનાવવાળી જગ્યાનું સંપુર્ણ પંચનામુ

કરવામાં આવેલ અને આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલની મુદામાલ પાવતી ફાડવામાં આવેલ અને એફ.એસ.એલ. ફોર્મ ભરીને મોકલી આપવામાં આવેલ. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ પી.એમ. થયા બાદ ડોંકટરશ્રીએ લીધેલ નમુના અને મરણજનારના કપડા આવતા તે પણ પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ તેમજ એફ.એસ.એલ. ફોર્મ ભરી મોકલવા તજવીજ કરવામાં આવેલ અને મુદામાલ પાવતી ફાડવામાં આવેલ. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે બનાવ વખતે મારામારીમાં આરોપી નં.૧ ભદ્રેશ ઉર્ફે ભુરજીએ પાળેલ કુતરો પણ ઈજાગ્રસ્ત થયેલ હોય તે કુતરાનું પણ બ્લડ સેમ્પલ પંચો રુબરુ પંચનામુ કરી કબજે લીધેલ અને આ કુતરાને વધુ સારવાર માટે આશા ફાઉન્ડેશનમાં મોકલવામાં આવેલ. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે લાગતા-વળગતા સાહેદોના નિવેદન મેળવવામાં આવેલ અને આરોપીઓની તપાસ હાથ ધરવામાં આવેલ. તેમના પી.એસ.આઇ.શ્રી જાડેજાને હકીકત મળેલ કે, આ કામના આરોપીઓ સિધ્ધપુર પાસે પેટ્રોલપંપ ઉપર નાણા લેવા આવનાર છે તે હકીકત આધારે તેઓએ તાત્કાલીક ત્યાં જઈ તપાસ કરતા આરોપી નં.૧ ભદ્રેશ ઉર્ફે ભુરજી તથા આરોપી નં. ૨ અંગુલ મળી આવતા બંને આરોપીને પી.એસ.આઇ. જાડેજાએ પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા તેમણે આરોપી નં. ૧ અને ૨ ની શરીરસ્થિતીનું વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલ અને બંને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય અટક કરેલ. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ આરોપી નં. ૧ અને ૨ને તબીબી તપાસ સારું મોકલી આપેલ અને જરુરી નમુના ડોંકટરશ્રીએ લઈ આપેલા તે એફ.એસ.એલ.માં મોકલવા તજવીજ કરેલ. ત્યારબાદ આરોપી નં. ૧ અને ૨ની પૂછપરછ કરતા બનાવ વખતે જે કપડા પહેરેલ તે કપડા જે જગ્યાએ સળગાવેલ હતા તે જગ્યા સ્વખુશીથી બતાવવા તૈયાર હોય બે પંચના માણસોને પોલીસ સ્ટેશન બોલાવી, પોલીસ સ્ટેશને પ્રાથમિક પંચનામુ કરી, સરકારી વાહનોમાં આરોપી નં. ૧ અને ૨નાએ બતાવ્યા મુજબ જે જગ્યાએ કપડા સળગાવેલ

હતા તે જગ્યાએ જઈ, જગ્યા બતાવતા તે જગ્યાએ કપડાનો અર્ધ બળેલ ટુકડો વિગેરે મળી આવતા પંચોની હાજરીમાં તપાસઅર્થે કબજે કરવામાં આવેલ. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ આરોપી નં. ૧ અને ૨ને ગુન્હામાં વાપરેલ હથિયાર બાબતે પૂછતાં હથિયાર ચાલુ રીક્ષાએ દધિતીબ્રીજ નીચે નદીમાં નાંખી દીધેલાનું જણાવેલ તે આધારે આ કામે ફાયરબ્રીગેડને યાદી લખી હથિયાર શોધવા મદદ કરવા જાણ કરેલ અને ફાયરબ્રીગેડના માણસો આવતા તાત્કાલીક આરોપી નં. ૧ અને ૨ અને પંચો સાથે આરોપી નં. ૧ અને ૨ના બતાવ્યા મુજબ સરકારી વાહનમાં દધિતીબ્રીજ નીચે આવેલા અને આરોપી નં. ૧ અને ૨નાએ જે જગ્યા બતાવેલ તે જગ્યાએ ફાયરબ્રીગેડના અધિકારીએ બોટમાં બેસી લોહીચુંબક વડે પાણીમાં શોધખોળ કરતા એક લાકડાના હાથાવાળું ધારીયુ મળી આવતા તે ગુન્હામાં ઉપયોગ કરેલ તે જ હથિયાર હોય મુદામાલ તરીકે પંચનામાની વિગતે તપાસઅર્થે કબજે લેવામાં આવેલ. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ બનાવવાળી જગ્યાએ બે ટુવ્હીલર એકટીવા અને એકસેસ પડેલ હોય તે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે તપાસઅર્થે કબજે લીધેલા. આ સાહેદે આંક–૫૧ વાળી ફરીયાદમાં ફરીયાદીની તથા રુબરુપણા તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે તેમજ આંક–૩૬ થી આંક–૪૩ અને આંક–૨૧વાળા પંચનામામાં પંચોની તથા રુબરુપણા તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદે પુરાવા દરમિયાન આંક–૫૬ થી આંક–૬૨ દરમિયાન અનુક્રમે ગુન્હો દાખલ થવા અંગેનો રીપોર્ટ, એફ.એસ.એલ. અધિકારીને બનાવવાળી જગ્યાએ પધારવા લખેલ પત્ર અને અભિપ્રાય, એફ.એસ.એલ.ની પહોંચ, એફ.એસ.એલ. રવાનગી નોંધ, એફ.એસ.એલ. રવાનગી નોંધ, એફ.એસ.એલ.ની પહોંચ અને એફ.એસ.એલ.ની રવાનગી નોંધ રજુ રાખેલ છે. આ સાહેદે તેમણે તપાસ દરમિયાન કબજે કરેલ મુદામાલને તેમજ આરોપી નં.૧ અને ૨ ને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ તેમને રજા ઉપર જવાનું થતા આગળની વધુ તપાસ પી.એસ.આઇ.શ્રી વી.એસ.સીંધવનાને

સોંપવામાં આવેલી.

(૨૧) ફરીયાદપક્ષ તરફે આંક–૬૩ થી શૈલેષકુમાર જયંતિલાલ મોદી(સાહેદ નં.૨૩) જેઓ તપાસ કરનાર અને ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારી છે તેમને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પોલીસ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તારીખ ૧–૦૮–૨૦૧૭ના રોજ તેમની નિમણૂંક દરીયાપુર પોલીસ સ્ટેશનમાં સીનીયર પી.આઇ. તરીકે થતા તેમણે ચાર્જ સંભાળી લીધેલ અને દરીયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટે ગુ.ર.નં.૨૦/૨૦૧૭ ઇ.પી.કો.ક.–૩૦૨, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાની તપાસ ચાર્જમાં મળતા તેમણે તપાસ સંભાળી લીધેલી. વધુમાં એવું જણાવેલ છે કે, સદરહુ ગુન્હામાં એફ.એસ.એલ. અભિપ્રાય આવતા તેમણે વંચાણે લઇ આ ગુન્હાના કામમાં સામેલ રાખેલ. સદરહુ ગુન્હાની તપાસ પુર્ણ થયેલ હોય અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય તેમણે નામદાર કોર્ટમાં આરોપીઓ વિરુધ્ધ સમયમર્યાદામાં ચાર્જશીટ કરી મોકલી આપેલ અને અસલ કેસ કાગળો પ્રોસીકયુશન સાહેબને મોકલી આપેલ. આ સાહેદે પુરાવા દરમિયાન આંક–૬૪ થી આંક–૭૨ દરમિયાન અનુક્રમે એફ.એસ.એલ.નો પત્ર, એફ.એસ.એલ. અહેવાલ, એફ.એસ.એલ. સિરોલોજી વિભાગનો અહેવાલ, એફ.એસ.એલ.નો પત્ર, એફ.એસ.એલ. ભૌતિકશાસ્ત્રી વિભાગનો અહેવાલ, એફ.એસ.એલ.નો પત્ર, એફ.એસ.એલ. બાયોલોજી વિભાગનો અહેવાલ, એફ.એસ.એલ. સિરોલોજી વિભાગનો અહેવાલ અને પોલીસ કમિશ્નરશ્રીનું જાહેરનામુ રજુ રાખેલ છે.

(૨૨) ફરીયાદપક્ષ તરફે આંક–૭૬ થી વિપુલભાઇ સવદાસભાઇ સિંધવ(સાહેદ નં.૨૪) જેઓ તપાસ કરનાર પોલીસ અધિકારી છે તેમને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પોલીસ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેઓ ૨૦૧૭ના

અરસામાં દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા તે દરમિયાન તારીખ ૧૨–૦૭–૨૦૧૭ના રોજ પી.આઇ.શ્રી યાદવ સાહેબ હક્ક રજા ઉપર જતા આ કેસની આગળની તપાસ તમામ કાગળો સાથે તેમની પાસે આવતા તેણે તપાસ સંભાળી લીધેલ. વધુમાં એવું જણાવેલ છે કે, તેમણે તેમની તપાસ દરમિયાન તારીખ ૨૦–૦૭–૨૦૧૭ના રોજ વિજય ભુરાજી રાવત અને રોહિત ઉર્ફે ભાણો પકડાઇ જતા તેઓની શરીરસ્થિતીનું પંચનામુ કરવાનું હોય બે પંચો કપીલ પઢીયાર અને જયેશભાઇ ચૌહાણને બોલાવી તેઓના લખાવ્યા મુજબનું પંચનામુ લખી લઇ પંચનામામાં પંચોની તથા રુબરુ તરીકે તેમણે પોતે સહી કરેલી, જે પંચનામુ આંક–૨૨ થી રજુ છે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ બંને આરોપીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ મોકલતા ત્યાં ડૉકટરશ્રીએ બ્લડસેમ્પલ તપાસઅર્થે લીધેલ અને તે પંચનામાની વિગતે કબજે કરવા સારું બે પંચો રામ આશીષ નિશાંત અને મનીષ મોહનભાઇ ભટનાગરને બોલાવી તેઓના લખાવ્યા મુજબનું પંચનામુ લખી લઇ બંને આરોપીના બ્લડસેમ્પલ કાચની શીશીમાં મોકલેલ તે તપાસઅર્થે કબજે કરેલ અને તે પંચનામામાં પંચોની તથા રુબરુ તરીકે તેમણે પોતે સહી કરેલી, જે પંચનામુ આંક–૪૪ થી રજુ છે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ તે જ દિવસે આરોપી નં. ૩ નાએ બનાવના દિવસે પહેરેલ કપડા કબજે કરવા બે પંચો જીતેન્દ્રભાઇ વાઘેલા અને મહેશ ઠાકોરને બોલીવી તેઓના લખાવ્યા મુજબનું પંચનામુ લખી લઇ આરોપી નં.૩ નો શર્ટ અને પેન્ટ તપાસઅર્થે બે પંચોની હાજરીમાં કબજે લઇ તેને શીલ કરીને તેમાં પંચોની તથા રુબરુ તરીકે તેમની સહીવાળી સ્લીપો મુકી તપાસઅર્થે કબજે લીધેલ તે પંચનામામાં પંચોની તથા રુબરુ તરીકે તેમણે પોતે સહી કરેલી, જે પંચનામુ આંક–૨૩ થી રજુ છે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ તે જ દિવસે આરોપી નં. ૪ નાએ બનાવના દિવસે પહેરેલ કપડા કબજે કરવા બે પંચો સાગર વાઘેલા અને દિનેશ ગોહીલને બોલાવી તેઓના લખાવ્યા મુજબનું પંચનામુ લખી લઇ આરોપી નં.૪ની ટીશર્ટ અને લોઅર તપાસઅર્થે બે પંચોની હાજરીમાં

કબજે લઇ તેને શીલ કરીને તેમાં પંચોની તથા રુબરુ તરીકે તેમની સહીવાળી સ્લીપો મુકી તપાસઅર્થે કબજે લીધેલ તે પંચનામામાં પંચોની તથા રુબરુ તરીકે તેમણે પોતે સહી કરેલી, જે પંચનામુ આંક–૪૫ થી રજુ છે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ આરોપી નં.૪ બનાવમાં વાપરેલ હથિયાર સ્વેચ્છાએ બતાવવા માંગતા હોય બે પંચોને બોલાવી પ્રાથમિક પંચનામુ પોલીસ સ્ટેશનમાં કરી તેમાં બે પંચોની સહી કરી રુબરુ તરીકે તેમણે સહી કરેલી અને ત્યારબાદ સરકારી વાહનમાં આરોપી નં.૪ અને પંચો અને તેમના સ્ટાફના માણસો સાથે આરોપી નં.૪ નાએ બતાવ્યા મુજબની જગ્યાએ ગયેલ અને આરોપી નં.૪ એક મકાનમાં ગયેલ જે મકાનમાં એક શોભનાબેન નામના આરોપી નં.૪ ના ભાભી હાજર હોઇ ત્યાં આરોપી નં.૪નાએ મકાનમાં પ્રવેશ કરી રુમમાં જઇ રુમની પાસે સીડીના નીચે દિવાલ પાસેથી તિજોરી પાછળથી એક ધારીયું રજુ કરેલ જે પંચનામાની વિગતે તમામ વિગતો લખી લઇ પંચનામામાં પંચોની અને રુબરુ તરીકે તેમણે સહી કરેલી અને જે પંચનામુ આંક–૪૬ થી રજુ છે. વધુમાં એવું જણાવેલ છે કે, ત્યારબાદ તેમણે આ કામે લાગતા–વળગતા સાહેદોના નિવેદન લીધેલા અને ત્યારબાદ તેમના સીનીયર પી.આઇ. તરીકે મોદી સાહેબ હાજર થતા આ કેસની આગળની વધુ તપાસ તેઓ સંભાળતા હોય આ કેસના તમામ કાગળો તેમણે તેઓ તરફ મોકલી આપેલા.

(૨૩) આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો એકસાથે લક્ષમાં લેતાં, મરણજનારના શબનું પી.એમ. કરનાર ડૉકટર ભાર્ગવભાઇ બેચરભાઇ ઝવેરી(સાહેદ નં.૧૭)નો પુરાવો લક્ષમાં લેતાં મરણજનારના માથાના ભાગે અને શરીરના અન્ય ભાગ ઉપર ગંભીર પ્રકારની ઇજાઓ હોવાનું જણાવેલ છે અને મરણજનારનું મોત તેના શરીર ઉપર થયેલ અસંખ્ય ઇજાને કારણે આઘાત અને રક્તસ્ત્રાવથી થયેલ હોવાનું જણાવેલ છે અને આવી ઇજાઓ તીક્ષ્ણ અને ધારદાર અને

ઠોસપૂર્વક કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે અને આ ઈજાઓ લાકડા, કાપના ધારીયા અને છરાથી શક્ય હોવાનું જણાવેલ છે અને મુદામાલ આર્ટીકલ નં.૨૧ વાળા હથિયાર ધારીયાથી આવી ઈજાઓ થઇ શકે તેવું જણાવેલ છે. આ ડૉકટર સાહેદનો સમગ્ર પુરાવો અને સાથે મરણજનારની પી.એમ.નોટ લક્ષમાં લેતાં મરણજનારનું મૃત્યુ કુદરતના સામાન્યક્રમ બહારનું અને સાપરાધ મનુષ્યવધ પ્રકારનું હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે.

(૨૪) હવે, મરણજનારના મૃત્યુ પાછળ આ કામના આરોપીઓ જવાબદાર છે કે કેમ તે સંદર્ભે જોવામાં આવે તો, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ પોલીસ સાહેદો, ડૉકટર સાહેદો, ફરીયાદી–મરણજનારનો ભત્રીજો, મરણજનારના પત્ની, ફાયરબ્રીગેડના કર્મચારી ભરતભાઇ સિવાયના બનાવ સ્થળની આજુબાજુના રહીશ અને મરણજનારના પિતરાઇ ભાઇ એવા અન્ય તમામ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા છે. બનાવ બાદ આરોપી નં. ૧ અને ૨ ની સારવાર કરનાર મેડીકલ ઓફીસર એવા સાહેદ નં. ૧૧ ડૉકટર અલ્પેશભાઇ ઝવેરચંદ શાહ(સાહેદ નં.૧૧)ના પુરાવાથી પણ આ બંને આરોપીઓના શરીરે કોઇ ઈજાના નિશાન જણાયેલ હોય તેવું ખુલતું નથી. ખેતીના ઓજારનો ધંધો કરતા અમીતભાઇ દિલીપભાઇ પંચાલ(સાહેદ નં.૧૬) ના પુરાવાથી આરોપીએ તેમના ત્યાંથી હથિયારની ખરીદી કરેલ હોય તેવું ખુલતું નથી. પરંતુ, સાહેદ નં. ૧૮ રીશીભાઇ કનુભાઇ વાઘેલા જેઓ આ કામના ફરીયાદી અને મરણજનારના ભત્રીજા છે તેમનો તેમજ સાહેદ નં. ૧૯ રંજનબેન રાજુભાઇ ઉર્ફે લોગી વાઘેલા જેઓ મરણજનારના પત્ની છે તેમનો પુરાવો લક્ષમાં લેતાં બનાવના દિવસે આરોપી નં. ૧ ના બોલાવવાથી મરણજનાર દરીયાપુર ખાતેના આરોપી નં. ૧ ના ધરે ગયેલ હોવાનું અને બનાવ બન્યો ત્યાં સુધીના સમય દરમિયાન મરણજનાર આરોપીઓની સાથે આરોપી નં. ૧ ના ધરે હાજર હોવાનું અને આ રંજનબેનના ભાઇ અમીતભાઇએ ફોનથી

દરીયાપુરમાં રાજુ બનેવીનો ભુરજી સાથે કાંઇક ઝગડો થયેલ છે તેવું જણાવતા તેઓ ત્યાં જતાં મરણજનાર લોહીલુહાણ અને મરણ હાલતમાં પડેલા હોવાનું ખુલે છે. વધુમાં સાહેદ નં. ૧૮ રીશીભાઇ કનુભાઇ વાઘેલાનો પુરાવો લક્ષમાં લેતાં બનાવ અગાઉ મરણજનાર ટેન્શનમાં રહેતા હોઇ જેથી તેમણે મરણજનારને પુછતાં મરણજનારે તેમને દરીયાપુરમાં તેમનો મિત્ર ભુરજી રહે છે તે તેની બીજી પત્ની સાથે તેમને આડા સંબંધ છે તેવો વ્હેમ રાખી અવારનવાર તેમની સાથે બોલાચાલી ઝગડો કરે છે તેવું જણાવેલ હોવાનું ખુલે છે. વધુમાં સાહેદ નં. ૧૯ રંજનબેન રાજુભાઇ ઉર્ફે લોગી વાઘેલા જેઓ મરણજનારના પત્ની છે તેમનો પુરાવો લક્ષમાં લેતાં તેમના ભત્રીજા રીશીએ તેમને જણાવેલ કે, મરણજનાર છેલ્લા એકાદ વર્ષથી બહુ જ ટેન્શનમાં રહેતા હતા, જેથી ટેન્શનનું કારણ પુછતા મરણજનારે તેને જણાવેલ કે, ભદ્રેશ ઉર્ફે ભુરજી જે દરીયાપુર ખાતે મેણવાસમાં રહે છે તે તેની બીજી પત્ની સેજલ તથા તેમના વચ્ચે આડા સંબંધ બાબતે વહેમ શંકા રાખે છે તેથી અવાર નવાર ભદ્રેશ ઉર્ફે ભુરજી ઝગડા કરે છે તેવું ખુલે છે તેમજ આ શંકાના કારણે ભદ્રેશ ઉર્ફે ભુરજી, ભદ્રેશ ઉર્ફે ભુરજીનો ભાણીયો રોહીત અને ભદ્રેશ ઉર્ફે ભુરજીનો મિત્ર અંગુલનાએ છેતરપીંડી અને પ્લાન કરીને મરણજનારને ભદ્રેશ ઉર્ફે ભુરજીના ધરે બોલાવેલા અને ત્યારબાદ ભેગા મળીને મરણજનારને માથાના ભાગે, શરીરના ભાગે અને મોઢાના ભાગે તલવારો મારેલ અને મરણ ગયા પછી પણ મારેલ અને આ આખો બનાવ શક અને વહેમ રાખી કરેલ અને મરણજનારનું મોત નિપજાવેલ હોવાનું ખુલે છે. આ બંને સાહેદનો સમગ્ર પુરાવો લક્ષમાં લેતાં તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી અને રસધરાવતા સાહેદ છે તેમજ અન્ય સ્વતંત્ર સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા છે ત્યારે આ બંને સાહેદના આવા પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળે છે કે કેમ તે ચકાસવાનું રહે.

(૨૫) આ કામે બચાવપક્ષ તરફે આરોપી નં. ૧ ની શરીરસ્થિતીનું પંચનામુ,

આરોપી નં. ૩ અને ૪ ની શરીરસ્થિતીનું પંચનામુ, આરોપી નં. ૩ ના કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ, ઇન્કવેસ્ટ પંચનામુ, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ, મરણજનારના કપડા અને બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ, ડોગનું બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ, આરોપી નં. ૧ નું બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ, આરોપી નં. ૧ નાએ કપડા સળગાવેલ તે જગ્યાનું પંચનામુ, આરોપી નં. ૧ નાએ હથિયાર શોધી બતાવ્યા અંગેનું પંચનામુ, આરોપી નં. ૧ ના ઘર પાસેથી ટુવ્હીલર કબજે કર્યા અંગેનું પંચનામુ, આરોપી નં. ૩ અને ૪ ના બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ, આરોપી નં. ૪ ના કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ, આરોપી નં. ૩ નાએ હથિયાર શોધી બતાવ્યા અંગેનું પંચનામુ, આરોપી નં. ૨ નાએ હથિયાર ફેંકી કપડા બદલેલ તે જગ્યાનું પંચનામુ, આરોપી નં. ૧ નાએ હથિયાર ફેંકી કપડા બદલેલ તે જગ્યાનું પંચનામુ અને આરોપી નં. ૧ નાએ જે જગ્યાએ હથિયાર ફેંકેલ તે જગ્યાના પંચનામાને આંક આપવામાં આવે તો વાંધો નથી તેવો શેરો કરવામાં આવેલ હોય, જેથી બચાવપક્ષની સંમતિ ધ્વારા સદરહુ પંચનામાઓને અનુક્રમે આંક–૨૧ થી આંક–૨૩ અને આંક–૩૬ થી આંક–૪૯ આપી પુરાવામાં દાખલ કરવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે આંક–૪ના દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં તારીખ ૧૩–૦૭–૨૦૧૮ ના રોજ ''અનુક્રમ નં. ૭, ૧૨ અને ૧૪ ના પંચનામાને આંકે પાડવા સામે વાંધો નથી'' તેમજ તારીખ ૬–૦૮–૨૦૧૮ ના રોજ ''અનુક્રમ નં. ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ ને કબુલુ છું'' તેવો શેરો કરવામાં આવેલ છે અને આ બંને શેરા લક્ષમાં લેતાં બચાવપક્ષ ધ્વારા તેમના બચાવને પૂર્વગ્રહ ન થાય તે રીતે પંચનામા કબુલ કર્યા હોય તેવું જણાઇ આવતું નથી. આમ, બચાવપક્ષે આ કામે રજુ થયેલ તમામ પંચનામા કબુલ રાખેલ હોય તે તમામ પંચનામામાં લખેલી તમામ હકીકતો બચાવપક્ષે સ્વિકારવામાં આવેલ છે અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૭ અને કલમ–૫૮ જોતાં આ તમામ પંચનામા બચાવપક્ષે સ્વિકારેલ હોય તેમાં જણાવેલી હકીકતો પુરવાર કરવાની

જરુરીયાત રહેતી નથી અને આ તમામ પંચનામાની હકીકતો પુરવાર ગણાય. વળી, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ત્રણેય પોલીસ અધિકારીઓએ પોતાના પુરાવામાં તેમણે તપાસના કામે કરેલ જે તે પંચનામામાં પંચોની અને રુબરુ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે અને ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થનકારી પુરાવો આ ત્રણેય પોલીસ અધિકારીઓનો રજુ થયેલ છે.

(૨૫.૧) બચાવપક્ષ તરફે આંક–૩૬ વાળું ઇન્કવેસ્ટ પંચનામુ કબુલ રાખવામાં આવેલ છે ત્યારે તેમાં ''...એક ભાઇ નામે રાજુભાઇ ઉર્ફે લોગી સનઓફ ગંગારામભાઇ વાઘેલા, ઉ.વ.૩૭, રહે. ભગવાનદાસની ચાલી પાસે, ઠાકોરવાસ સામે, મહેંદીકૂવા, શાહપુર દરવાજા બહાર, માધુપુરા, અમદાવાદનાને આ કામના આરોપીઓ ભદ્રેશ ઉર્ફે ભુરજી મફાજી ઠાકોર તથા રોહીત તથા અંગુલ તમામ રહે. મેણવાસના છાપરા, કુટી મસ્જીદ સામે, દરીયાપુરનાઓએ ભેગા મળી આ કામે મરણજનાર રાજુભાઇ ઉર્ફે લોગીને ભદ્રેશ ઉર્ફે ભુરજીની બીજી પત્ની સેજલ સાથે આડા સંબંધ હોવાનો શકવહેમ રાખી તલવાર જેવા તીક્ષ્ણ હથિયારથી માથામાં તથા મોઢા ઉપર તેમજ શરીરે જીવલેણ ઇજા કરી મોત નિપજાવેલ હોઇ....'' તેવી જે હકીકત જણાવેલ છે તે તથા તેમાં મરણજનારના શરીર ઉપરની ઇજાઓ અંગેનો જે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે તમામ હકીકત બચાવપક્ષે કબુલ રાખેલ છે. વધુમાં મરણજનારના શબનું પી.એમ. કરનાર ડૉકટરશ્રીએ પુરાવા દરમિયાન પી.એમ.નોટ મુજબની મરણજનારના શરીર ઉપરની ઇજાઓનું જે વર્ણન કરેલ છે તે લક્ષમાં લેતાં પણ ઇન્કવેસ્ટ પંચનામામાં જણાવેલ હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૨૫.૨) વધુમાં બચાવપક્ષ તરફે આંક–૩૭ વાળું ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કબુલ રાખવામાં આવેલ છે ત્યારે તેમાં ''...ફરીયાદના કામે મરણજનાર તેના કાકા

રાજુભાઇ ઉર્ફે લોગી સનઓફ ગંગારામભાઇ વાઘેલા, ઉ.વ.૩૭, રહે. ભગવાનદાસની ચાલીની બાજુમાં, ઠાકોરવાસની સામે, મહેંદીકુવા, શાહપુર દરવાજા બહાર, માધુપુરા, અમદાવાદ શહેરનાને આ કામના આરોપીઓ નામે ભદ્રેશ ઉર્ફે ભુરજી સનઓફ મફાજી ઠાકોર તથા તેનો ભાણીયો રોહીત તથા ભદ્રેશનો મિત્ર અંગુલ તમામ રહે. મેણવાસના છાપરા, કુટી મસ્જીદ સામે, દરીયાપુર, અમદાવાદ શહેરનાઓએ ભેગા મળી આ કામે મરણજનાર રાજુભાઇ ઉર્ફે લોગીને ભદ્રેશ ઉર્ફે ભુરજીની બીજી પત્ની સેજલ સાથે આડા સંબંધ હોવાનો શકવહેમ રાખી રાજુભાઇ ઉર્ફે લોગીને ગુન્હાહિત કાવતરું રચી ફોસલાવી, પટાવી પોતાના ધરે બોલાવી ભદ્રેશ ઉર્ફે ભુરજી તથા રોહીત તથા ભદ્રેશનો મિત્ર અંગુલનાઓએ ભેગા મળી એકસંપ થઇ તલવાર જેવા જીવલેણ તીક્ષ્ણ હથિયારથી રાજુભાઇ ઉર્ફે લોગીના માથામાં તથા શરીરે જીવલેણ ઇજાઓ કરી મોત નિપજાવી નાસી ગયેલ હોઇ....'' તેવી જે હકીકત જણાવેલ છે તે તથા તેમાં જે જે જગ્યાએથી લોહી મળી આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે તમામ હકીકત બચાવપક્ષે કબુલ રાખેલ છે. વધુમાં મરણજનારની લાશ આરોપી નં. ૧ ના ધરથી થોડે આગળ આવેલ શ્રી દરીયાપુર સર્વોદય કન્ઝયુમર કો.ઓ.સોસાયટી લી. નામની દુકાન પાસેથી મળી આવેલ છે અને સદરહુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ લક્ષમાં લેતાં મરણજનારનું લોહી આરોપી નં. ૧ ના ધર પાસેથી માંડીને શ્રી દરીયાપુર સર્વોદય કન્ઝયુમર કો.ઓ.સોસાયટી લી. નામની દુકાન સુધી મળી આવેલ હોવાનું ફલીત થાય છે.

(૨૫.૩) વધુમાં બચાવપક્ષ તરફે આંક–૩૮ વાળું મરણજનારના કપડા અને બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ કબુલ રાખવામાં આવેલ છે ત્યારે તેમાં ''...ફરીયાદના કામે મરણજનાર તેના કાકા રાજુભાઇ ઉર્ફે લોગી સનઓફ ગંગારામભાઇ વાઘેલા, ઉ.વ.૩૭, રહે. ભગવાનદાસની ચાલીની બાજુમાં, ઠાકોરવાસની સામે, મહેંદીકુવા, શાહપુર દરવાજા બહાર, માધુપુરા, અમદાવાદ શહેરનાને આ કામના

આરોપીઓ નામે ભદ્રેશ ઉર્ફે ભુરજી સનઓફ મફાજી ઠાકોર તથા તેનો ભાણીયો રોહીત તથા ભદ્રેશનો મિત્ર અંગુલ તમામ રહે. મેણવાસના છાપરા, કુટી મસ્જીદ સામે, દરીયાપુર, અમદાવાદ શહેરનાઓએ ભેગા મળી આ કામે મરણજનાર રાજુભાઇ ઉર્ફે લોગીને ભદ્રેશ ઉર્ફે ભુરજીની બીજી પત્ની સેજલ સાથે આડા સંબંધ હોવાનો શકવહેમ રાખી રાજુભાઇ ઉર્ફે લોગીને ગુન્હાહિત કાવતરું રચી ફોસલાવી, પટાવી પોતાના ધરે બોલાવી ભદ્રેશ ઉર્ફે ભુરજી તથા રોહીત તથા ભદ્રેશનો મિત્ર અંગુલનાઓએ ભેગા મળી એકસંપ થઇ તલવાર જેવા જીવલેણ તીક્ષ્ણ હથિયારથી રાજુભાઇ ઉર્ફે લોગીના માથામાં તથા શરીરે જીવલેણ ઇજાઓ કરી મોત નિપજાવી નાસી ગયેલ હોઇ....'' તેવી જે હકીકત જણાવેલ છે તે તથા તેમાં મરણજનારના કપડા ઉપર જણાઇ આવેલ નિશાનોનો જે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે તથા મરણજનારનું બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનો જે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે તમામ હકીકત બચાવપક્ષે કબુલ રાખેલ છે. વધુમાં મરણજનારના શબનું પી.એમ. કરનાર ડૉકટરશ્રીએ પુરાવા દરમિયાન પી.એમ.નોટ મુજબ મરણજનારના કપડા ઉપરના નિશાન અંગેનું જે વર્ણન કરેલ છે તે તથા આ કામે આંક-૬૮ થી રજુ થયેલ ભૌતિકશાસ્ત્ર વિભાગનો અહેવાલ લક્ષમાં લેતાં પણ સદરહુ મરણજનારના કપડા અને બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેના પંચનામાને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૨૫.૪) વધુમાં બચાવપક્ષ તરફે આંક-૪૧ વાળા આરોપી નં. ૧ નાએ કપડા સળગાવેલ અને હથિયાર જે જગ્યાએ ફેંકેલ તે જગ્યા બતાવ્યા અંગેના પંચનામાની વિગતે આરોપી નં. ૧ નાએ દુધેશ્વરવાળા દધીતી બ્રીજ ઉપરથી સાબરમતિ નદીમાં હથિયાર ફેંકેલ હોવાનું જણાવેલ હોવાની અને અડાલજ ચોકડીથી જમણી બાજુ કોબા સર્કલ તરફ જવાના રોડ ઉપર માતેશ્વરી ચવાણા નામની દુકાનથી આગળ, સ્વામિનારાયણ ફાર્મથી આગળ, શ્રી સરસ્વતિ કન્સ્ટ્રકશન કંપનીથી આગળ, શ્રી રામ

કોલ્ડ સ્ટોરેજથી આગળ, સાડા પીંડ નામના ઢાબાથી આશરે દોઢસો મીટર આગળ રોડ ક્રોસ કરી સામેની સાઈડે રોડની નીચે ઉતરી પોતાના કપડા સળગાવેલ હોવાનું જણાવેલ હોવાની હકીકત કબુલ રાખવામાં આવેલ છે.

(૨૫.૫) વધુમાં બચાવપક્ષ તરફે આંક–૪૨ વાળા આરોપી નં. ૧ નાએ હથિયાર શોધી બતાવ્યા અંગેના પંચનામાની વિગતે આરોપી નં. ૧ ના જણાવ્યા મુજબ પોલીસે દધીચી બ્રીજ ઉપર આવેલ ઇલે.પોલ નં.એસ.જી.ડી.૯૭૧૨ થી એસ.જી.ડી.૯૭૧૪ ની વચ્ચે ફાયરબ્રીગેડના કર્મચારી મારફત શોધખોળ કરાવતા હથિયાર ધારીયુ મળી આવતા તે કબજે લીધેલ હોવાની અને આરોપી નં. ૧ નાએ તે જ ધારીયાથી તેણે મરણજનારને માથામાં અને શરીરે ધા મારેલ હોવાનું પંચો રુબરુ જણાવેલ હોવાની હકીકત કબુલ રાખવામાં આવેલ છે. વળી, ફરીયાદપક્ષ તરફે આંક–૫૩ થી તપાસવામાં આવેલ ભરતભાઈ પરશુરામ માંગેલા(સાહેદ નં.૨૦) જેઓ આરોપી નં. ૧ નાએ દધિચિ બ્રીજના પીલર નં. ૩ થી ૪ વચ્ચેના પાણીમાં નાંખેલ ગુન્હામાં વાપરેલ પાળીયુ શોધનાર ફાયરબ્રીગેડના કર્મચારી છે તેમણે પણ સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, તેઓ જયારે ધારીયુ શોધીને લાવેલ ત્યારે પોલીસના સાહેદે ત્યાં હાજર આરોપી નં. ૧ ભદ્રેશ ઉર્ફે ભુરજીને આ ધારીયુ બતાવતા તેણે આ ધારીયુ ઓળખી બતાવેલ અને તેમના સમક્ષ કહેલ કે, આ તે જ ધારીયુ છે જે તેણે બનાવ બાદ પાણીમાં નાંખેલ હતું.

(૨૫.૬) વધુમાં બચાવપક્ષ તરફે આંક–૪૬ વાળા આરોપી નં. ૩ નાએ હથિયાર શોધી બતાવ્યા અંગેના પંચનામાની વિગતે આરોપી નં. ૩ ના જણાવ્યા મુજબ દેવજીપુરા ત્રણ રસ્તાથી ડાબી બાજુ આગળ જતા કાજીમીયાની ચાલીના બોર્ડથી આગળ ડાબી બાજુની ગલીમાં ઇલેકટ્રીક પોલ નં. ઇ.વી.૨૫૨૨ થી આગળ જતા ડાબી

બાજુ આવેલ મકાનમાં જતાં આરોપી નં. ૩ નાએ તે પોતાના મકાનમાં તિજોરી પાછળ સંતાડેલ ધારીયુ શોધી બતાવતા તે પોલીસે કબજે લીધેલ હોવાની અને આરોપી નં. ૩ નાએ તે ધારીયુ ધરે આવી પાણીથી ધોઇ તિજોરી પાછળ સંતાડેલાનું અને તે ધારીયુ ગુન્હામાં વાપરેલ હોવાનું જણાવેલ હોવાની હકીકત કબુલ રાખવામાં આવેલ છે.

(૨૫.૭) વધુમાં બચાવપક્ષ તરફે આંક–૪૭ વાળા આરોપી નં. ૨ નાએ હથિયાર ફેંકેલ તે જગ્યા બતાવ્યા અંગેના પંચનામાની વિગતે આરોપી નં. ૨ નાએ દુધેશ્વરવાળા દધીતી બ્રીજ ઉપરથી સાબરમતિ નદીમાં હથિયાર ફેંકેલ હોવાનું જણાવેલ હોવાની અને ત્યારબાદ આરોપી નં. ૨ નાએ અલગ અલગ જગ્યાએ લઇ જઇ તેમને ચોક્કસ કઇ જગ્યાએ કપડા બાળેલ હતા તેની ખબર ન હોવાનું જણાવેલ હોવાની હકીકત કબુલ રાખવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કામે તપાસ દરમિયાન આરોપી નં. ૨ નાએ દુધેશ્વરવાળા દધીતી બ્રીજ ઉપરથી સાબરમતિ નદીમાં ફેંકેલ હથિયાર મળી આવેલ ન હોઇ તે રીકવર થઇ શકેલ નથી.

(૨૫.૮) વધુમાં બચાવપક્ષ દ્વારા આંક–૨૧ વાળું આરોપી નં. ૧ અને ૨ નું શરીરસ્થિતીનું પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકત અને આંક–૨૧ ના પંચનામાની વિગતે આરોપી નં. ૧ અને ૨ ના શરીર ઉપર સામાન્ય ઈજા જણાઇ આવેલ હોવાની હકીકત, આરોપી નં. ૩ અને ૪ નું શરીરસ્થિતીનું પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકત, આરોપી નં. ૩ ના કપડા આંક–૨૩ ના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ હોવાની હકીકત, ડોગનું બ્લડ સેમ્પલ આંક–૩૯ વાળા પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત, આરોપી નં. ૧ નું બ્લડસેમ્પલ આંક–૪૦ વાળા પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત, આરોપી નં. ૧ ના ધર પાસેથી બે ટુવ્હીલર આંક–૪૩ ના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ

હોવાની હકીકત, આરોપી નં. ૩ અને ૪ ના બ્લડસેમ્પલ આંક–૪૪ ના પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત, આરોપી નં. ૪ ના કપડા આંક–૪૫ ના પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત તેમજ આરોપી નં. ૧ નાએ બનાવ બાદ ગુન્હામાં વાપરેલ હથિયાર જે જગ્યાએ ફેંકેલ તે જગ્યાએ આંક–૪૮ અને આંક–૪૯ ના પંચનામાની વિગતે પોલીસ દ્વારા આરોપી નં. ૧ ને સાથે રાખી ફાયરબ્રિગેડના કર્મચારી મારફત શોધખોળ કરાવેલ હોવાની હકીકત કબુલ રાખવામાં આવેલ છે.

(૨૬) આ કામે એ હકીકત નિર્વિવાદ છે કે, આ કામે કોઇ ડાયરેકટ પુરાવો નથી. માત્ર સરકમસ્ટન્સીયલ એવીડન્સ ઉપરનો હાલનો આ કેસ છે. એ હકીકત પણ નિર્વિવાદ છે કે, આ કામે બચાવપક્ષે દસ્તાવેજો કબુલ કરેલા છે અને તેને આંક આપવામાં આવેલ છે. કાયદાનો એ સિધ્ધાંત પણ છે કે, સ્વિકૃતિ જે છે એટલેકે જે દસ્તાવેજ કબુલ કરેલા છે તે સજા કરવા માટે નિર્ણાયક પુરાવો નથી, પરંતુ સાથે સાથે અન્ય પુરાવાને જો જોવામાં આવે તો તે પુરાવા સાથે આ સ્વિકૃતિને સાંકળવામાં આવે તો તેવા પુરાવાથી એવું ફલીત થાય છે કે, આ કામના આરોપીઓ હાલના આ ગુન્હા સાથે સીધી રીતે સંકળાયેલા છે અને તેવા સંજોગો ઉપસ્થિત થયેલા છે. એટલું જ નહી, પરંતુ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૭ ની જોગવાઈ મુજબ જયારે દસ્તાવેજી પુરાવો બચાવપક્ષે કબુલ કરેલ છે ત્યારે તે તેમની સ્વિકૃતિ ગણી શકાય અને જયારે બચાવપક્ષે આ દસ્તાવેજોનો સ્વિકાર કરેલ છે ત્યારે ત્યારબાદ બચાવપક્ષ તેવી સ્વિકૃતિમાંથી પાછા ફરી શકે નહી અને પોતે જે જે નિવેદન કરેલ છે તે તેમને બંધનકર્તા બની જાય છે તેમજ એક વખત તેમણે કરેલી સ્વિકૃતિ યથાવત રહે અને આવા સ્વિકૃતિમાંથી તેઓ પાછા ફરી શકે નહી. આ અનુસંધાને ભારતીય પુરાવા ધારાની કલમ–૫૮ જો જોવામાં આવે તો તે એવા મતલબની છે કે, જે હકીકત સ્વિકારવામાં આવેલ હોય તે સાબીત કરવી

જરુરી નથી. આમ, પક્ષકારો ટ્રાયલ દરમિયાન જે હકીકત સ્વિકારવા સંમત થયા હોય તે હકીકત સાબીત કરવી જરુરી નથી. આ તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતાં તેમજ તપાસનીસ પોલીસ અધિકારીનો પુરાવો અને અન્ય સાહેદોનો પુરાવો જોતાં બચાવપક્ષે તેમના વિશેષ નિવેદનમાં જે બચાવ લીધેલ છે કે તેઓ કાંઇ જાણતા નથી તેટલોમાત્ર ખુલાસો વાજબી કે ગળે ઉતરે તેવો નથી. જયારે બચાવપક્ષને તેમના વિરુધ્ધનો પુરાવો જણાવી કોર્ટે ખુલાસો કરવાની તક આપેલ છે ત્યારે ખુલાસામાં પણ એવી કોઇ હકીકત વિશ્વાસનીય રીતે જણાઇ આવતી નથી કે બનાવ વખતે આરોપીઓ ઘટના સ્થળે હાજર ન હતા. માત્ર ઇન્કારીયત બચાવપક્ષે કરેલ છે પણ તે ઇન્કારીયત પુરતી નથી. માનવાલાયક અને ગળે ઉતરે તેવો વિશ્વાસનીય બચાવ હોવો જોઇએ. આમ, આગાઉ ચર્ચા કરી તેમ જયારે બચાવપક્ષે દસ્તાવેજો કબુલ રાખેલા છે ત્યારે તેની સાથે સાહેદ નં. ૧૮ રીશીભાઇ કનુભાઇ વાઘેલા, સાહેદ નં. ૧૯ રંજનબેન રાજુભાઇ ઉર્ફે લોગી વાઘેલા, સાહેદ નં. ૨૪ ડૉકટર ભાર્ગવભાઇ બેચરભાઇ ઝવેરી અને સાહેદ નં. ૨૦ ભરતભાઇ પરશુરામ માંગેલાનો પુરાવો લક્ષમાં લેતાં હાલના ગુન્હામાં આરોપીઓની સક્રિય સંડોવણી હોવાનું ફળીભૂત થાય છે.

(૨૭) આમ, સમગ્ર રીતે જોતાં આ કામે તપાસનીશ પોલીસ અધિકારી ધ્વારા તપાસના કામે કરવામાં આવેલ તમામ પંચનામાની વિગતે બચાવપક્ષે ફરીયાદપક્ષના કેસ મુજબની તમામ હકીકતો કબુલ રાખવામાં આવેલ છે અને સાંયોગીક પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે. આ સંજોગોમાં સાહેદ નં. ૧૮ રીશીભાઇ કનુભાઇ વાઘેલા જેઓ આ કામના ફરીયાદી અને મરણજનારના ભત્રીજા છે તેમના તેમજ સાહેદ નં. ૧૯ રંજનબેન રાજુભાઇ ઉર્ફે લોગી વાઘેલા જેઓ મરણજનારના પત્ની છે તેમના પુરાવાને મેડીકલ પુરાવાથી તથા સાંયોગીક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ હોય તેઓ મરણજનારના સગા છે અને તેમણે બનાવ જનરે જોયેલ નથી તેટલા

કારણોસર જ તેમનો પુરાવો ન માનવા માટે કોઈ કારણ જણાતું નથી. નામદાર ઉચ્ચ અદાલત અને વડી અદાલતે અનેકવાર પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર એક સાહેદનો અગરતો રસ ધરાવતા સાહેદનો પુરાવો માનવાલાયક જણાતો હોય અને તેમના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળતું હોય તો તે ધ્યાને લેવો જોઈએ અને તેના આધારે પણ આરોપીને સજા થઈ શકે.

(૨૮) આમ, મારી ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષમાં લેતાં ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી નં. ૧ ને પોતાની પત્ની સેજલ સાથે આ કામના મરણજનારને આડોસંબંધ હોવાનો શક–વહેમ હોય તે કારણે બનાવ બનેલ હોવાની અને આવા શક–વહેમના કારણે આરોપી નં. ૧ નાએ આરોપી નં. ૨ થી ૪ સાથે મળી ગુન્હાહિત કાવતરું રચી તારીખ ૨૯–૦૫–૨૦૧૭ ના રોજ મરણજનારને દરીયાપુર ખાતે પોતાના ઘરે બોલાવેલ હોવાની અને ત્યારબાદ એકબીજાના મેળાપીપણામાં રચેલ ગુન્હાહિત કાવતરાનો સમાન ઈરાદો બર લાવવા માટે મેણવાસ, કુટી મસ્જીદની સામે, દરીયાપુર ખાતે જાહેરમાં આરોપી નં. ૧ નાએ છરા જેવા સીધા લાંબા તીક્ષ્ણ હથિયાર વડે તથા આરોપી નં. ૨ અને ૩ નાએ લાકડાના હાથાવાળા ધારીયા જેવા તીક્ષ્ણ હથિયાર વડે મરણજનારને માથામાં તથા શરીરે ઉપરા–છાપરી ઘા મારી મરણતોલ ઈજા પહોંચાડેલ હોવાની તથા આરોપી નં. ૪ નાએ મરણજનારને ગડદાપાટુનો માર મારી વ્યથા કરેલ હોવાની તે રીતે આરોપીઓએ મરણજનારનો સાપરાધ મનુષ્યવધ કરેલ હોવાની તેમજ ત્યારબાદ ગુન્હામાં વાપરેલ હથિયાર ધારીયાને આરોપી નં. ૩, ૪ નાએ આરોપી નં. ૧ ના ઘરે ચોકડીમાં પાણીથી ધોઈ નાંખી, આરોપી નં. ૧, ૨, ૩ નાએ રીક્ષામાં બેસી વાડજ તરફ જતા પહેલા આવેલ દધિચીઋષી બ્રીજ ઉપર જઈ બ્રીજ ઉપરથી ગુન્હામાં વાપરેલ હથિયાર લાંબો સીધો છરો અને ધારીયુ સાબરમતિ નદીમાં ફેંકી દીધેલ હોવાની અને ત્યારબાદ આરોપી નં. ૧, ૨ નાએ અડાલજ ખાતે જઈ પોતે બનાવ સમયે પહેરેલ

કપડા જે લોહીવાળા થયેલ હોય તેને સળગાવી નાંખી પુરાવાનો નાશ કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

(૨૯) આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૭૨ થી પોલીસ કમિશ્નરશ્રીનું જાહેરનામુ રજુ રાખવામાં આવેલ છે તે લક્ષમાં લેતાં તારીખ ૧૭–૦૫–૨૦૧૭ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૧–૦૫–૨૦૧૭ ના કલાક ૨૪.૦૦ સુધીના સમય માટે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર માટે સદરહુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોવાનું જણાય છે. ઉપરોકત હકીકતે આરોપી નં. ૧ થી ૩ નાઓએ બનાવ તારીખ ૨૯–૦૫–૨૦૧૭ ના રોજ મેણવાસ, કુટી મસ્જીદની સામે, દરીયાપુર ખાતે જાહેરમાં છરો અને ધારીયા જેવા તીક્ષ્ણ મારક અને ધાતક હથિયાર ધારણ કરી તે હથિયારનો ગુન્હો કરવામાં ઉપયોગ કરેલ હોવાનું પુરવાર થયેલ છે. આ સંજોગોમાં આરોપીઓ સામે જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુન્હો પણ પુરવાર થાય છે.

(૩૦) હવે, આ કામે આરોપીઓનો મરણજનારનું મોત નિપજાવવાનો ઈરાદો હતો કે કેમ તે સંદર્ભે જોવામાં આવે તો, આરોપી નં. ૧ ને પોતાની પત્ની સેજલ સાથે આ કામના મરણજનારને આડોસંબંધ હોવાનો શક–વહેમ હોય તે કારણે આરોપીઓએ ગુન્હાહિત કાવતરું રચેલ હોવાનું અને તેના અનુસંધાને બનાવ બનેલ હોવાની હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવેલ છે. મરણજનારના શબનું પી.એમ. કરનાર ડૉકટરની સમગ્ર જુબાની અને તે દરમિયાન રજુ થયેલ પી.એમ.નોટ લક્ષમાં લેતાં મરણજનારના શરીર ઉપર જે રીતે નિર્દયતાપૂર્વક ઈજાઓ કરવામાં આવેલ છે તે બાબત તેમજ મરણજનારને આરોપીઓ ધ્વારા જે પ્રકારના હથિયારોથી ઈજા કરવામાં આવેલ છે તે બાબત લક્ષમાં લેતાં તેમજ આ ડૉકટર સાહેદે સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, કોલમ

નં.૧૭ માં દર્શાવેલી ઈજાઓ તીક્ષ્ણ અને ધારદાર અને ઠોસપૂર્વક કરવામાં આવેલ છે તે બાબત લક્ષમાં લેતાં આરોપીઓએ મરણજનારનું મોત નિપજાવવાના ઈરાદે ઈજાઓ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ સંજોગોમાં ઉપરોકત હકીકતે આરોપીઓએ તેમના વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાની વિગતે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ હોવાનું આ અદાલત માને છે.

(૩૧) આ કામે આંક–૬૬ અને આંક–૭૧ થી રજુ થયેલ સિરોલોજી વિભાગનો અહેવાલ લક્ષમાં લેતાં મરણજનારના બંને હાથના નખ, જરસી, લોઅર, હાફચડી(જાંગીયા) ઉપર 'ઓ' ગ્રુપના માનવ રુધીરની હાજરી મળી આવેલ છે અને આરોપી નં. ૨ મુકેશ ઉર્ફે અંગુલના બ્લડ સેમ્પલની વૈજ્ઞાનિક તપાસ કરતા તે 'ઓ' ગ્રુપનું માનવ રુધીર હોવાનું જણાયેલ છે. આ તબક્કે બચાવપક્ષ તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી નં. ૧ અને ૨ ની સારવાર કરનાર મેડીકલ ઓફીસર સાહેદ નં. ૧૧ ડૉકટર અલ્પેશભાઈના પુરાવા મુજબ આરોપી નં. ૨ ના શરીર ઉપર કોઈ ઈજા જણાઈ આવેલ નથી તેમજ સિરોલોજી વિભાગનો અહેવાલ લક્ષમાં લેતાં મરણજનારનું બ્લડ તથા અન્ય તમામ સેમ્પલ અનિર્ણીત રહેવા પામેલ છે ત્યારે મરણજનારના બંને હાથના નખ, જરસી, લોઅર, હાફચડી(જાંગીયા) ઉપર મળી આવેલ 'ઓ' ગ્રુપનું માનવ રુધીર આરોપી નં. ૨ નું જ છે તેવું માની શકાય નહી, કારણકે, મરણજનારના બ્લડનું ગ્રુપ પણ 'ઓ' પ્રકારનું હોઈ શકે. બચાવપક્ષની આ દલીલ માની લેવામાં આવે તો પણ આગળ ચર્ચા કર્યા મુજબ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ કબુલાત અને સાંયોગીક પુરાવાની મારી ઉપરોકત ચર્ચા લક્ષમાં લેતાં આરોપીઓની આ ગુન્હામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પર આવેલ છે.

(૩૨) આમ, ઉપરોકત હકીકતે આરોપીઓ વિરુદ્ધ આંક–૫ થી ફરમાવવામાં આવેલ આઇ.પી.સી.ની કલમ–૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાનું તહોમત સાબીત થાય છે. આ સંજોગોમાં મુદા નં. ૧ થી ૪ નો જવાબ હકારમાં આપી, મુદા નં. ૫ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**<u>– હુકમ –</u>**

૧.. આ કામના આરોપી નં.(૧) ભદ્રેશ ઉર્ફે ભુરજી સનઓફ મફાજી ઠાકોર, નં.(૨) મુકેશ ઉર્ફે અગુલ સનઓફ શંકરભાઇ રાવત, નં.(૩) વિજય ભુરાભાઇ રાવત, ઉ.વ.આ.૩૮ અને નં.(૪) રોહીત ઉર્ફે ભાણો સનઓફ મનહરભાઇ સુધીરભાઇને ક્રિ.પ્રો.કો.ક. ૨૩૫(૨) અન્વયે દરીયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટૅ ગુ.ર.નં.૨૦–૨૦૧૭, તે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હામાં દોષિત ઠરાવી, આરોપીઓને સજા અંગે સાંભળવા કાર્યવાહી મુલત્વી રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૩, માહે–ડીસેમ્બર, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**(વિનોદભાઇ જેઠાભાઇ કલોતરા)**
અધિક સત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૧૪
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ.
યુનિક આઇ.ડી.નં.જીજે૦૦૪૮૬

**<u>સજા અંગે હુકમ</u> –**

(૩૩) સજાના પશ્ને આરોપીઓને સાંભળ્યા. આરોપીઓ તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓ બાલબચ્ચાવાળા છે, ગરીબવર્ગના છે. જો તેમને સજા થશે તો તેમનું સમગ્ર કુટુંબ રઝડી પડશે અને પાયમાલ થઇ જશે, જેથી રહેમ રાખવા અને હળવો દંડ કરવા અરજ કરેલ છે.

(૩૪) આરોપીઓની રજુઆત અનુસંધાને વિ.એ.પી.પી.શ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, જયારે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૨૦૧, ૧૨૦(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગંભીર પ્રકારનો ગુન્હો સાબીત થયેલ છે ત્યારે આરોપીઓ ઉપર દયા ન રાખી શકાય અને આરોપીઓને કાયદામાં નિર્દિષ્ટ મહત્તમમાં મહત્તમ સજા કરવી જોઇએ.

(૩૫) કેસના તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતાં જયારે પ્રોસીકયુશનનો કેસ સાબીત થયેલ છે અને જે રીતે આરોપીઓએ ગુન્હાને અંજામ આપેલ છે તે ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખર હુકમ કરું છું.

**– <u>આ ખ રી હુ ક મ</u> –**

૧.. આ કામના સેશન્સ કેસ નં. ૧૮૬/૨૦૧૮ ના આરોપી નં.(૧) ભદ્રેશ ઉર્ફે ભુરજી સનઓફ મફાજી ઠાકોર, નં.(૨) મુકેશ ઉર્ફે અગુલ સનઓફ શંકરભાઇ રાવત, નં.(૩) વિજય ભુરાભાઇ રાવત, ઉ.વ.આ.૩૮ અને નં.(૪) રોહીત ઉર્ફે ભાણો સનઓફ મનહરભાઇ સુધીરભાઇને ક્રિ.પ્રો.કો.ક. ૨૩૫(૨) અન્વયે દરીયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટૅ ગુ.ર.નં.૨૦–૨૦૧૭ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ ૧૨૦(બી) અને ૧૧૪ ના ગુન્હામાં

દોષિત ઠરાવી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ ૧૨૦(બી) અને ૧૧૪ ના ગુન્હામાં પ્રત્યેક આરોપીને આજીવન કેદની સજા અને રુપીયા ૫,૦૦૦/–(અંકે રુપીયા પાંચ હજાર પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે અને જો કોઇ આરોપી દંડ ન ભરે તો તે આરોપીએ વધુ ૫(પાંચ) વર્ષની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૨.. આ કામના સેશન્સ કેસ નં. ૧૮૬/૨૦૧૮ ના આરોપી નં.(૧) ભદ્રેશ ઉર્ફે ભુરજી સનઓફ મફાજી ઠાકોર, નં.(૨) મુકેશ ઉર્ફે અગુલ સનઓફ શંકરભાઇ રાવત, નં.(૩) વિજય ભુરાભાઇ રાવત, ઉ.વ.આ.૩૮ અને નં.(૪) રોહીત ઉર્ફે ભાણો સનઓફ મનહરભાઇ સુધીરભાઇને ક્રિ.પ્રો.કો.ક. ૨૩૫(૨) અન્વયે દરીયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટૅ ગુ.ર.નં.૨૦–૨૦૧૭ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ સાથે વાંચતા ૧૧૪ના ગુન્હામાં દોષિત ઠરાવી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ ૧૧૪ના ગુન્હામાં પ્રત્યેક આરોપીને ૨(બે) માસની સાદી કેદની સજા અને રુપીયા ૫૦૦/–(અંકે રુપીયા પાચસો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે અને જો કોઇ આરોપી દંડ ન ભરે તો તે આરોપીએ વધુ ૧૫(પંદર) દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩.. આ કામના સેશન્સ કેસ નં. ૧૮૬/૨૦૧૮ ના આરોપી નં.(૧) ભદ્રેશ ઉર્ફે ભુરજી સનઓફ મફાજી ઠાકોર, નં.(૨) મુકેશ ઉર્ફે અગુલ સનઓફ શંકરભાઇ રાવત, નં.(૩) વિજય ભુરાભાઇ રાવત, ઉ.વ.આ.૩૮ અને નં.(૪) રોહીત ઉર્ફે ભાણો સનઓફ મનહરભાઇ સુધીરભાઇને ક્રિ.પ્રો.કો.ક. ૨૩૫(૨) અન્વયે દરીયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટૅ ગુ.ર.નં.૨૦–૨૦૧૭ના કામે ભારતીય દંડ

સંહિતાની કલમ–૨૦૧ સાથે વાંચતા ૧૧૪ના ગુન્હામાં દોષિત ઠરાવી, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૧ સાથે વાંચતા કલમ ૧૧૪ના ગુન્હામાં પ્રત્યેક આરોપીને ૧(એક) વર્ષની સાદી કેદની સજા અને રુપીયા ૫૦૦/– (અંકે રુપીયા પાચસો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે અને જો કોઇ આરોપી દંડ ન ભરે તો તે આરોપીએ વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૪.. આ કામના સેશન્સ કેસ નં. ૧૮૬/૨૦૧૮ ના આરોપી નં.(૧) ભદ્રેશ ઉર્ફે ભુરજી સનઓફ મફાજી ઠાકોર, નં.(૨) મુકેશ ઉર્ફે અગુલ સનઓફ શંકરભાઇ રાવત, નં.(૩) વિજય ભુરાભાઇ રાવત, ઉ.વ.આ.૩૮ અને નં.(૪) રોહીત ઉર્ફે ભાણો સનઓફ મનહરભાઇ સુધીરભાઇને ક્રિ.પ્રો.કો.ક. ૨૩૫(૨) અન્વયે દરીયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટૅ ગુ.ર.નં.૨૦–૨૦૧૭ના કામે જી.પી.એકટની કલમ–૧૩૫(૧)ના ગુન્હામાં દોષિત ઠરાવી, જી.પી.એકટની કલમ–૧૩૫(૧)ના ગુન્હામાં પ્રત્યેક આરોપીને ૧(એક) માસની સાદી કેદની સજા અને રુપીયા ૫૦૦/–(અંકે રુપીયા પાચસો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે અને જો કોઇ આરોપી દંડ ન ભરે તો તે આરોપીએ વધુ ૭(સાત) દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૫.. ઉપરોકત તમામ સજા આરોપીઓએ એકીસાથે ભોગવવાની રહેશે અને પ્રત્યેક આરોપીએ કુલ રુપીયા ૬,૫૦૦/– (અંકે રુપીયા છ હજાર પાચસો પુરા) દંડ ભરવાનો રહેશે.

૬.. આ કામના સેશન્સ કેસ નં.૧૮૬/૨૦૧૮ ના આરોપી નં. ૪ રોહીત ઉર્ફે ભાણો

સનઓફ મનહરભાઇ સુધીરભાઇ ઠાકોર જામીન ઉપર હોય, તેઓના જામીન તથા જાતમુચરકા રદ કરવા અને તેઓને તાત્કાલિક અસરથી કસ્ટડીમાં લેવા.

૭.. આરોપીઓએ આ કામે કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ અન્વયે આરોપીઓને મુખ્ય સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૮.. ક્રિ.પ્રો.કો.ક.–૩૫૭ અન્વયે આરોપીઓએ આ કામે ભરેલ દંડની તમામ રકમ અપીલ સમય વીતે આ કામના મરણજનારના પત્નીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૯.. સદર ગુન્હાના કામે તપાસાર્થે કબજે લેવામાં આવેલ મુદામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબના મુદામાલ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે તપાસનીશ પોલીસ અધિકારી દ્વારા તપાસ દરમિયાન પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ મુદામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબના વાહન (૧) હોન્ડા એકટીવા નં. જી.જે.૧.એમ.ડબલ્યુ.૪૭૪૩ અને (૨) સુઝુકી એકસેસ સંદર્ભે અગાઉ વચગાળાની કસ્ટડી અંગેનો કોઇ હુકમ થયેલ હોય તો તે હુકમ અપીલ સમય બાદ યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો તેવો કોઇ હુકમ ન થયો હોય તો અપીલ સમય બાદ બંને વાહન તેના માલીકને યોગ્યતે ખરાઇ કરીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે તપાસનીશ પોલીસ અધિકારી દ્વારા તપાસ દરમિયાન પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ અન્ય તમામ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૧૦. પ્રત્યેક આરોપીને ક્રિ.પ્રો.કો.ક.–૩૬૩ અન્વયે આ ચુકાદાની નકલ વિના મુલ્યે

પુરી પાડવી.

૧૧. સંબંધીત વિભાગ તથા જેલ ઓથોરીટીને નિયમોનુસાર યાદી કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૩, માહે–ડીસેમ્બર, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**(વિનોદભાઈ જેઠાભાઈ કલોતરા)**
અધિક સત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૧૪
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ.
યુનિક આઇ.ડી.નં.જીજે૦૦૪૮૬

Yagnesh